Monday
02.03.2026
*Volume :10 * Issue No.234
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પુડુચેરીમાં ૨,૭૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું, રાષ્ટ્રને સમર્પિત કર્યા અને શિલાન્યાસ કર્યો

પુડુચેરીના અદભૂત લોકોની વચ્ચે આવીને આનંદ થયો, આજે, બહુવિધ વિકાસ કાર્યો શરૂ કરવામાં આવી રહ્યા છે જે જીવન જીવવાની સુવિધામાં વધારો કરશે અને પ્રદેશના આર્થિક વિકાસને વેગ આપશે: પ્રધાનમંત્રી

હું દ્રઢપણે માનું છું કે પુડુચેરી મેડિકલ ટુરીઝમ હબ બની શકે છે. પુડુચેરીમાં પહેલેથી જ નવ મેડિકલ કોલેજો છે; JIPMER ખાતે પ્રાદેશિક કેન્સર સેન્ટરનું આધુનિકીકરણ આરોગ્યસંભાળ ક્ષમતામાં વધુ વધારો કરશે: પ્રધાનમંત્રી

NIT કરાઈકલ ખાતે, નવું ડો. એ પી જે અબ્દુલ કલામ એન્જિનિયરિંગ બ્લોક અને આધુનિક હોસ્ટેલ સુવિધાઓ ઘણા વિદ્યાર્થીઓ માટે ટેકનિકલ શિક્ષણને મજબૂત બનાવશે; પોંડિચેરી યુનિવર્સિટીમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ કરવામાં આવ્યું છે: પ્રધાનમંત્રી

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પુડુચેરીમાં ૨,૭૦૦ કરોડથી વધુના મૂલ્યના બહુવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું અને શિલાન્યાસ કર્યો. આ પ્રોજેક્ટ્સ લોકોના જીવનમાં પરિવર્તન લાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ, આરોગ્ય અને ગતિશીલતા (મોબિલિટી) સહિતના મુખ્ય ક્ષેત્રોને આવરી લે છે. સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, "પુડુચેરી સિદ્ધો, સંતો, કવિઓ અને સ્વતંત્રતા સેનાનીઓની ભૂમિ છે, જ્યાં મહાકવિ સુબ્રમણ્ય ભારતીએ રાષ્ટ્રવાદની જ્યોત પ્રગટાવી હતી અને શ્રી અરવિંદ તથા ધ મધરે વિશ્વને આધ્યાત્મિક વિઝન પૂરું પાડ્યું હતું." પ્રધાનમંત્રીએ 'BEST' પુડુચેરી માટેના તેમના મંત્રનો પુનરોચ્ચાર કર્યો, જે બિઝનેસ, એજ્યુકેશન, સ્પિરિચ્યુઆલિટી અને ટુરીઝમનું પ્રતિનિધિત્વ કરે છે. "છેલ્લા સાડા ચાર વર્ષમાં, આ વિઝન સુશાસન અને વિકાસ તરફ દોરી ગયું છે, જે માથાદીઠ આવકમાં વધારો અને દેશમાં સર્વોચ્ચ સોશિયલ પ્રોગ્રેસ ઈન્ડેક્સ સ્કોર દ્વારા સાબિત થાય છે." શ્રી મોદીએ હાઈલાઈટ કર્યું. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર દેશભરમાં આપવામાં આવતા મહાન ભાર પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ આ વર્ષના બજેટમાં અલગ રાખવામાં આવેલા રેકોર્ડ ૧૨ લાખ કરોડનો ઉલ્લેખ કર્યો હતો. "પુડુચેરીનો હવે 'સ્ટેટ્સ ફોર કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ માટે વિશેષ સહાય' યોજના હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે, જે અગાઉ માત્ર રાજ્યો પૂરતી મર્યાદિત હતી; આનાથી રસ્તાઓ, પાણી પુરવઠો, શાળાઓ, હોસ્પિટલો અને આવા અનેક પ્રોજેક્ટ્સ જેવા આવશ્યક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વધુ ભંડોળ સુનિશ્ચિત થશે," શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી. પ્રધાનમંત્રીએ

અમે માનીએ છીએ કે આરોગ્યસંભાળ દરેક માટે સુલભ, ઉપલબ્ધ અને સસ્તી હોવી જોઈએ; આયુષ્માન ભારત યોજના ભારતભરના કરોડો પરિવારો માટે આ વિઝન પહેલેથી જ પૂર્ણ કરી રહી છે: પ્રધાનમંત્રી

ભારપૂર્વક જણાવ્યું હતું કે, "મજબૂત અને સશક્ત યુવા એ આપણા વિકાસનો પાયો છે. અમે તેમના સપનાઓને ટેકો આપવા માટે કામ કરી રહ્યા છીએ". પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે NIT કરાઈકલ ખાતે નવા ઉદ્ઘાટન કરાયેલ ડૉ. એ પી જે અબ્દુલ કલામ એન્જિનિયરિંગ બ્લોક અને આધુનિક હોસ્ટેલ સુવિધાઓ, પોંડિચેરી યુનિવર્સિટીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડની સાથે, ટેકનિકલ શિક્ષણને નોંધપાત્ર રીતે મજબૂત બનાવશે અને અસંખ્ય વિદ્યાર્થીઓને મદદ કરશે. તેમણે એવા યુવાનોને પણ અભિનંદન આપ્યા જેઓ હજારો લાંબા સમયથી ખાલી પડેલી જગ્યાઓ ભર્યા બાદ સરકારમાં જોડાયા છે. શ્રી મોદીએ અવલોકન કર્યું કે વિશ્વ હાલમાં સ્વચ્છ અને ગ્રીન ગતિશીલતા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે, જેમાં ઈલેક્ટ્રિક વાહનો દૈનિક જીવનનો આવશ્યક ભાગ બની રહ્યા છે. તેમણે નોંધ્યું હતું કે પુડુચેરી જેવા પ્રવાસન કેન્દ્રમાં, પી એમ ઈ-બસ સેવા હેઠળ આજે પૂરી પાડવામાં આવેલી ઈલેક્ટ્રિક બસો પ્રદૂષણ ઘટાડવામાં ગેમચેન્જર બની શકે છે. વધુમાં, પ્રધાનમંત્રીએ પરિવારોને સ્થિરતા

મજબૂત અને સશક્ત યુવા એ આપણા વિકાસનો પાયો છે. અમે તેમના સપનાઓને ટેકો આપવા માટે કામ કરી રહ્યા છીએ: પ્રધાનમંત્રી

અને ગૌરવ પ્રદાન કરવા માટે રચાયેલ હાઉસિંગ પ્રોજેક્ટ્સની સાથે પુડુચેરી, કરાઈકલ, માહે અને યાનમમાં સેંકડો કરોડના પ્રોજેક્ટ્સ પર પ્રકાશ પાડ્યો હતો. આ પહેલોમાં પીવાનું શુદ્ધ પાણી સુનિશ્ચિત કરવા માટે વોટર ડીસેલિનેશન પ્લાન્ટ્સ, કચરાના વ્યવસ્થાપનમાં સુધારો કરવા માટે નવા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ અને ચોમાસા દરમિયાન પૂર અને જળબંબાકાર ઘટાડવા માટે ચાલી રહેલા કામનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, "અમારા તમામ પ્રયાસો પુડુચેરીના લોકો માટે ઈઝ ઓફ લિવિંગ (Ease of Living) પ્રદાન કરવા તરફ છે". પ્રધાનમંત્રીએ હાઈલાઈટ કર્યું કે કોઈપણ રાષ્ટ્ર ત્યારે જ પ્રગતિ કરી શકે છે જ્યારે તેનું માનવ સંસાધન સ્વસ્થ હોય, જે આરોગ્યસંભાળને સરકારની સર્વોચ્ચ અગ્રતા બનાવે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આરોગ્યસંભાળ દરેક માટે સુલભ, ઉપલબ્ધ અને સસ્તી હોવી જોઈએ, જે વિઝન આયુષ્માન ભારત યોજના દ્વારા કરોડો પરિવારો માટે પહેલેથી જ પૂર્ણ થઈ રહ્યું છે. પુડુચેરીના કોઈ પણ નાગરિકને સારવાર માટે દૂર સુધી મુસાફરી કરવાની ફરજ ન પાડવી જોઈએ તેના પર ભાર મૂકતા તેમણે નોંધ્યું હતું કે, આ પ્રદેશ કે જે પહેલેથી જ નવ મેડિકલ કોલેજો ધરાવે છે, તેમાં મેડિકલ ટુરીઝમ હબ બનવાની ક્ષમતા છે. આરોગ્યસંભાળ ક્ષમતાને વધુ વિસ્તારવા માટે, જીપમેર ખાતે પ્રાદેશિક કેન્સર સેન્ટરનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે, અને કટોકટીની સેવાઓ વધારવા માટે પુડુચેરી અને કરાઈકલમાં PM-ABHIM હેઠળ ત્રણ ક્રિટિકલ કેર બ્લોક્સનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. વધુમાં, કરાઈકલમાં નવી ઈન્ટિગ્રેટેડ આયુષ હોસ્પિટલ સિદ્ધ દવા અને સર્વગ્રાહી સ્વાસ્થ્ય માટે પ્રદેશની પ્રતિષ્ઠા પર નિર્માણ કરશે. શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, "હું દ્રઢપણે માનું છું કે પુડુચેરી મેડિકલ ટુરીઝમ હબ બની શકે છે" પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે કનેક્ટિવિટી એ પ્રગતિની કરોડરજ્જુ છે, જે ગ્રામીણ અને શહેરી બંને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમણે હાઈલાઈટ કર્યું હતું કે વિદ્યાર્થીઓ, ખેડૂતો અને નાના વ્યવસાયો માટે પહોંચ સુધારવા માટે સેંકડો કિલોમીટરના ગ્રામીણ રસ્તાઓ બનાવવામાં આવી રહ્યા છે. "સાથે સાથે, પુડુચેરી ટાઉનમાં ભીડ ઘટાડવા માટે ૧,૦૦૦ કરોડથી વધુનું રોકાણ કરવામાં આવી રહ્યું છે, જેમાં નવા ૪૪૦ કરોડના ફ્લાયઓવરનો સમાવેશ થાય છે," પીએમ મોદીએ ટિપ્પણી કરી હતી. તેમણે વધુમાં હાઈલાઈટ કર્યું હતું કે ચેન્નાઈ સાથેની કનેક્ટિવિટી પણ ઈસ્ટ કોસ્ટ અને ગ્રાન્ડ સધર્ન ટ્રંક રોડ દ્વારા વધારવામાં આવી રહી છે, જે મુસાફરીનો સમય ઘટાડીને બે કલાકથી ઓછો કરી દેશે. "કન્યાકુમારી સુધીના ઈસ્ટ કોસ્ટ કોરિડોરમાં ૩૦,૦૦૦ કરોડથી વધુના રોકાણ સાથે, આ પ્રોજેક્ટ્સ પુડુચેરીને બેંગલુરુ અને કોઈમ્બતુર જેવા મુખ્ય આર્થિક કેન્દ્રો સાથે જોડે છે, જે પ્રવાસન, વેપાર અને ઉદ્યોગને નોંધપાત્ર પ્રોત્સાહન આપે છે," શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ પ્રવાસનને પુડુચેરીની સૌથી મોટી શક્તિઓમાંની એક તરીકે ઓળખાવી હતી, અને નોંધ્યું હતું કે તે અગ્રણી વીકએન્ડ ડેસ્ટિનેશન તરીકે પહેલેથી જ હજારો પ્રવાસીઓને આકર્ષે છે. તેમણે આ સફળતાનો શ્રેય સ્થાનિક લોકોની ઉષ્માને આપ્યો અને નોંધ્યું કે પ્રદેશમાં આવતી ટ્રેનો અને ફ્લાઈટ્સ સતત ભરેલી રહે છે. "આધ્યાત્મિક, ઈકો અને હેલ્થ ટુરીઝમમાં લક્ષિત રોકાણો દ્વારા, સરકાર આ ક્ષેત્રને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહી છે, જેમાં પ્રસાદ (PRASHAD) યોજના હેઠળ વિવિધ મંદિરોમાં તીર્થયાત્રાની સુવિધાઓના વિકાસનો સમાવેશ થાય છે", શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી. પ્રધાનમંત્રીએ એ વાત પર પણ પ્રકાશ પાડ્યો હતો કે શ્રી અરવિંદ અને ધ મધરે ઓરોવિલેની 'યુનિવર્સલ સિટી ઓફ કોન્શિયસનેસ' તરીકે કલ્પના કરી હતી, અને તેમણે ખુશી વ્યક્ત કરી હતી કે આજે ત્યાં ગ્લોબલ સ્પિરિચ્યુઅલ મહોત્સવ શરૂ થઈ રહ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા મેળાવડા વિવિધ પ્રદેશો અને ધર્મોના લોકોને એક કરવાનું કામ કરે છે. પ્રધાનમંત્રીએ યાદ કર્યું કે પુડુચેરી ભારતની સ્વતંત્રતા સંગ્રામનો અભિન્ન ભાગ રહ્યો છે, જે ઘણા મહાન નેતાઓનું જન્મસ્થળ અથવા કાર્યસ્થળ રહ્યું છે. તેમણે નોંધ્યું કે ૧૯૪૭ માં ભારતને આઝાદી અપાવવામાં આ ભૂમિ નિર્ણાયક હતી. ભવિષ્ય તરફ જોતા, પ્રધાનમંત્રીએ ૨૦૪૭ સુધીમાં વિકસિત પુડુચેરી અને વિકસિત ભારત બનાવવાની મિશન પર ભાર મૂક્યો હતો, અને ખાતરી આપી હતી કે ડબલ-એન્જિન સરકાર આ ધ્યેય માટે પ્રતિબદ્ધ છે. પ્રધાનમંત્રીએ આ નિવેદન સાથે સમાપન કર્યું, "અમે મઈજી પુડુચેરી માટે કામ કરવાનું ચાલુ રાખીશું".

કેન્દ્રીય રાજય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાના અધ્યક્ષસ્થાને ઉમરાળા ખાતે 'દિવ્યાંગજનો માટે નિ:શુલ્ક સાધન સહાય વિતરણ કેમ્પ' યોજાયો

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિવ્યાંગજનોમાં રહેલી દિવ્ય શક્તિને ઓળખી "દિવ્યાંગજન" નામ આપીને તેમને નવી ઓળખ અને સન્માન આપ્યુ: શ્રીમતી નિમુબેન બાંભણિયા

કમલમ્,

કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાના અધ્યક્ષસ્થાને આજે ઉમરાળાની સરકારી હાયર સેકન્ડરી સાયન્સ સ્કૂલ ખાતે ADIP યોજના અંતર્ગત દિવ્યાંગજનોને નિ:શુલ્ક સાધન સહાય વિતરણ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ઉમરાળા તાલુકાના ૯૦ દિવ્યાંગ લાભાર્થીઓને રૂ.૧૪.૦૪ લાખના ૧૭૭ સહાયક સાધનોનું નિ:શુલ્ક વિતરણ કરાયું હતુ. કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિવ્યાંગજનોમાં રહેલી દિવ્ય શક્તિને ઓળખી "દિવ્યાંગજન" નામ આપીને તેમને નવી ઓળખ અને સન્માન આપ્યું છે. પરિણામે સમાજનો દ્રષ્ટિકોણ સકારાત્મક રીતે બદલાયો છે. છેલ્લા દસ વર્ષમાં પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ દિવ્યાંગજનો માટેના બજેટમાં ત્રણ ગણો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા ૧૧ વર્ષ દરમિયાન દેશભરમાં અંદાજે ૧૮ હજારથી વધુ કેમ્પો યોજી ૩૧ લાખથી વધુ દિવ્યાંગજનોને વિવિધ સાધન સહાય પૂરી પાડવામાં આવી છે.તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતુ કે,ભાવનગર અને બોટાદ જિલ્લામાં પૂર્વ અસેસમેન્ટના આધારે જરૂરિયાતમંદ દિવ્યાંગજનોને સાધનો આપવામાં આવી રહ્યા છે. મોટરાઈઝ્ડ ટ્રાયસિકલ જેવા એક સાધનની કિંમત અંદાજે રૂપિયા ૩૮ હજાર જેટલી થાય છે. વ્હીલચેર, કૃત્રિમ અંગો સહિત કુલ ૧૯ પ્રકારના સાધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આજદિન સુધી જિલ્લામાં ૨૨૦૦થી વધુ દિવ્યાંગજનોને આશરે રૂપિયા ૩ કરોડ ૩૬ લાખના ખર્ચે સાધન સહાય પૂરી પાડવામાં આવી છે. ભાવનગર ખાતે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ૧ હજારથી વધુ દિવ્યાંગજનોને સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સખી મંડળો દ્વારા ઘરઆંગણે તૈયાર થતી વિવિધ વસ્તુઓને યોગ્ય બજાર અને પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવવા સરકાર સતત પ્રયત્નશીલ છે. દેશને આત્મનિર્ભર બનાવવા સ્વદેશી વસ્તુઓના ઉપયોગ માટે તેમણે અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે ઉમેર્યું કે ,દિવ્યાંગજનોના ચહેરા પરનું સ્મિત જ સરકારની સૌથી મોટી સફળતા છે અને તેમની આંખોમાં ચમકતા સપનાઓને સાકાર કરવું એ જ સરકારની પ્રાથમિકતા છે. "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ"ના મંત્ર સાથે સરકાર સર્વસમાવેશી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. સાધન સહાય દ્વારા અનેક દિવ્યાંગજનોના જીવનમાં સકારાત્મક અને આમૂલ પરિવર્તન આવશે તેવો દ્રઢ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો? હતો. આ શિબિરમાં દિવ્યાંગ લાભાર્થીઓને ૧૦ મોટરાઈઝ્ડ ટ્રાઈસાયકલ, ૩૨ ટ્રાઈસાયકલ, ૧૯ વ્હીલચેર, ૧૬ બૈસાખી, ૨૭ છડી, ૦૫ સુગમ્ય કેન, ૦૮ રોલેટર, 18TLM કિટ, ૧૨ મ્ઈ ડિજિટલ પ્રકારના શ્રવણ યંત્ર, ૦૨ સી.પી. ચેયર, ૦૯ વોકર તેમજ ૨૦ કૃત્રિમ અંગોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, અગાઉ તા. ૦૬/૦૧/૨૦૨૬થી ૦૭/૦૧/૨૦૨૬ તથા તા. ૧૬/૦૧/૨૦૨૬ના રોજ શિહોર, પાલિતાણા અને ભાવનગર ખાતે સહાયક સાધનોનું વિતરણ

સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું છે. આ શિબિરના માધ્યમથી દિવ્યાંગજનોને જરૂરી સહાયક સાધનો પ્રદાન કરી તેમની દૈનિક જીવનવ્યવહારને વધુ સુલભ, સ્વાભિમાની અને સ્વાવલંબનપૂર્ણ બનાવવાના દિશામાં સરકાર દ્વારા એક સશક્ત અને માનવકેન્દ્રિત પહેલ હાથ ધરવામાં આવી રહી છે. આ પહેલ દ્વારા દિવ્યાંગજનોના સશક્તિકરણને વેગ મળી તેઓ આત્મનિર્ભરતા તરફ આગળ વધે તેવા હેતુ સાથે કાર્યકરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્ય શ્રી મુકેશભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી હંસાબેન માંગુકીયા, પ્રાંત અધિકારી શ્રી ભૂમિકાબેન વાટલીયા, મામલતદાર શ્રી જે.ડી.જાડેજા, એલિમ્કો મેનેજર શ્રી મૃદુલ અવસ્થી, સરપંચ શ્રી ધર્મેશભાઈ હેજમ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી સુરેશભાઈ ચૌધરી સહિત જિલ્લાના પદાધિકારીઓ અધિકારીઓ સહિત ઉમરાળા તાલુકાના દિવ્યાંગજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુર ખાતે ગુજરાત રાજ્યની રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિ દ્વારા આયોજિત ૧૩મું વાર્ષિક સ્નેહ મિલન ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતની તેમજ ગુજરાતની તમામ રાજપૂત સંસ્થાઓના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં યોજાયો. સમાજના આગેવાનો, મહાનુભાવો અને કાર્યકર્તાઓના ઉત્સાહભર્યા સહભાગથી કાર્યક્રમ ગૌરવમય બન્યો. સમાજની એકતા, સંકલન અને વિકાસના સંકલ્પ સાથે સૌએ આગળ વધવાનો નિશ્ચય કર્યો. આ આયોજનને સફળ બનાવવા માટે તમામ આયોજકો, મહેમાનો અને ઉપસ્થિત પ્રતિનિધિઓનો હૃદયપૂર્વક આભાર. આ કાર્યક્રમમાં શ્રી સામંતસિંહ સોલંકી, શ્રી વિક્રમસિંહજી મહારાઉલજી, શ્રી રમજુભા જાડેજા, ડો. રુદ્રસિંહ ઝાલા, શ્રી સુખદેવસિંહ વાઘેલા, શ્રી કરણસિંહ વાઘેલા, શ્રી વાસુદેવસિંહ ગોહિલ, શ્રી વિરમદેવસિંહ ચુડાસમા, શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, શ્રી સુરેન્દ્રસિંહ જાડેજા, શ્રી પ્રવીણસિંહ વાઘેલા, શ્રી કિર્તીસિંહ વાઘેલા, ગુજરાતના રાજપૂત સમાજના તમામ સક્રિય સંગઠનો (મહિલા મંડળ / મહિલા સંસ્થાઓ /યુવક મંડળ / યુવક સંસ્થાઓ / યુવા પાંખના પ્રતીનીધીશ્રીઓ (ટ્રસ્ટીશ્રી / પ્રમુખશ્રી / મંત્રીશ્રી / ઉપપ્રમુખશ્રી. કારોબારી સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

આયુર્વેદિક ભસ્મ વિશે સમાજમાં ઘણા ભેદભરમ ફેલાયેલા છે, હકીકતમાં આયુર્વેદિક ભસ્મ રોગોના ઉપચાર માટે ઔષધ બનાવવાનું અજોડ વિજ્ઞાન છે. આજે આધુનિક વિજ્ઞાન નેનો ટેકનોલોજીની વાત કરે છે, ત્યારે ભારતનું પ્રાચીન આયુર્વેદ શાસ્ત્ર હજારો વર્ષોથી ભસ્મ દ્વારા અતિ સૂક્ષ્મ કણોથી અસાધ્ય રોગોના ઉપચારની ક્ષમતા ધરાવે છે. પણ આરોગ્ય માટે ઉપકારક આ આયુર્વેદિક ભસ્મ યોગ્ય પરેજીઓ અને વૈદ્યની સલાહ મુજબ લેવી અનિવાર્ય શરત છે. ભસ્મ બનાવવાની પ્રક્રિયા ભારતના ઋષિ મુનિઓના ઊંડા વૈજ્ઞાનિક જ્ઞાનની પ્રતીતિ કરાવે છે. શંખ, છીપલા, કાચબા- કરચલાની ઢાલ, સોના, ચાંદી, લોખંડ વગેરેમાંથી આયુર્વેદિક ભસ્મ બનાવવામાં આવે છે. ધાતુ અને અને ખનીજોને વારંવાર ગરમ કરવામાં આવે છે. જુદી જુદી પદ્ધતિથી તેની અશુદ્ધિઓ દૂર કરવામાં આવે છે. વનસ્પતિના રસ સાથે મિશ્ર કરી અગ્નિમાં પકવવામાં આવે છે. આમ, જરૂરી પ્રક્રિયાના અંતે ભસ્મ તૈયાર થતી હોય છે. આ સંદર્ભમાં જૂનાગઢ આયુર્વેદ કોલેજના રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પના વિભાગના ડો. રાહુલ શિંગાડીયા જણાવે છે કે, આયુર્વેદ મુજબ એવી કોઈ વસ્તુ નથી જેમાંથી ઔષધી દવા ન બની શકે. આયુર્વેદ એમ પણ માને છે કે, સૃષ્ટિની દરેક વસ્તુઓમાં ઔષધીય ગુણો છે. તેઓ આયુર્વેદિક ભસ્મ વિશેની ભ્રાંતિઓ દૂર કરતા જણાવે કહે છે કે, ભસ્મને પૂરતી માત્રા, કાળજી, પરેજીઓ અને વૈદ્યની સલાહ મુજબ લેવામાં ન આવે તો શરીરમાં વિષ સમાન કાર્ય કરી શકે છે. એટલે ભસ્મને સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો પરથી મળતી માહિતીથી પ્રભાવિત થઈ લોકોએ જાતે ઉપયોગ ન કરવો જોઈએ. સાથે જ ભસ્મ બનાવવાની જે શાસ્ત્રીય પ્રક્રિયા છે તે અનુસાર જ ભસ્મ બનેલી હોવી જોઈએ. અન્યથા સ્વાસ્થ્ય લાભના બદલે વિપરીત અસર થઈ શકે છે. તેમણે કહ્યું કે આયુર્વેદમાં અલગ અલગ પ્રકારની ઘણી બધી ભસ્મો બનાવવામાં આવે છે. જેમાં મુખ્યત્વે ધાતુ અને ખનીજોની ભસ્મ મહત્વની છે. આ ભસ્મ બનાવવામાં ખૂબ જ વાર લાગે છે અને યોગ્ય પદ્ધતિથી બનાવવી પણ એટલી જરૂરી છે. ત્યારે તે સ્વાસ્થ્ય માટે અસરકારક બનતી હોય છે. બાળકોને આપવામાં આવતા સુવર્ણ પ્રાશન બનાવવામાં પણ સુવર્ણ ભસ્મનો ઉપયોગ કરવામાં આવે છે, આ સુવર્ણપ્રાશન બાળકોની રોગપ્રતિકારક શક્તિ તો વધારે જ છે સાથે જ આયુર્વેદ મુજબ બાળકોને શ્રુતધર બનાવે છે, એટલે કે બાળકો જે એક વખત સાંભળે અને તેને ગ્રહણ કરી કાયમ માટે યાદ રાખી લે છે, એવી જ રીતે લોખંડમાંથી બનેલી લોહ ભસ્મ એનીમિયા, કમળા જેવા રોગોમાં અત્યંત અસરકારક છે, શંખ અને છીપલામાંથી બનેલી ભસ્મ કેલ્શિયમના સપ્લીમેન્ટ તરીકે કામ કરે છે અન્ય રોગોમાં પણ ઉપયોગી છે

જળ, જમીન, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય બચાવવા પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ વિકલ્પ : રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

તમામ ધારાસભ્યોને તેમના વિસ્તારના એક ગામને 'પ્રાકૃતિક ગામ' બનાવવા આહવાન કરતા રાજ્યપાલશ્રી

કમલમ્,

ગુજરાત વિધાનસભા સંકુલ ખાતે આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદને સંબોધિત કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાસાયણિક ખેતીના ગંભીર પરિણામો અને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી જેવા ગંભીર વિષયને આજે વિધાનસભામાં સ્થાન મળ્યું છે તે આનંદની વાત છે. જૈવિક અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો તફાવત જણાવતા તેમણે કહ્યું કે, જૈવિક ખેતીમાં એક એકર માટે ૩૦૦ ક્વિન્ટલ છાણિયા ખાતરની જરૂર પડે છે. તેનાથી વિપરીત, પ્રાકૃતિક ખેતી એ સૂક્ષ્મ જીવાણુઓની ખેતી છે. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડથી વધુ જીવાણુઓ હોય છે અને ગૌમૂત્ર ખનિજોનો ભંડાર છે. જીવામૃત અને ઘન જીવામૃત દ્વારા જમીનમાં અળસિયા અને મિત્ર કીટકોની સંખ્યા વધે છે, જે કુદરતી રીતે જમીનને ફળદ્રુપ બનાવે છે. રાજ્યપાલશ્રીએ ચિંતા વ્યક્ત કરી કે, વર્ષો પહેલાં કેન્સર, ડાયાબિટીસ કે હાર્ટએટેક જેવા રોગોનું પ્રમાણ નહિવત હતું. જ્યારે આજે નાના બાળકોમાં પણ કેન્સર જોવા મળે છે. નવજાત શિશુ માટે અમૃત સમાન માતાના દૂધમાં પણ હવે યૂરિયા અને જંતુનાશકો મળી રહ્યા છે, તેવા રિસર્ચનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. ભારતમાં હરિત ક્રાંતિ સમયે દેશની ધરતીનો ઓર્ગેનિક કાર્બન ૨ થી ૨.૫% હતો, જે આજે ઘટીને ૦.૫%થી પણ નીચે જતો રહ્યો છે. રાજ્યપાલશ્રીએ ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, જે જમીનનો ઓર્ગેનિક કાર્બન ૦.૫% થી નીચે જાય તે જમીન બંજર ગણાય. ગુજરાતમાં રાસાયણિક ખેતીવાળી જમીનનું ઓર્ગેનિક કાર્બન ૦.૫% થી નીચે પહોંચી ચૂક્યું છે. જેના પરિણામે જમીન કઠણ થઈ જતા, વરસાદનું પાણી જમીનમાં ઉતરતું નથી અને પૂરની સ્થિતિ સર્જાય છે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, પ્રાકૃતિક ખેતીમાં અળસિયા કુદરતી રીતે જમીનમાં છિદ્રો બનાવે છે, જેના પરિણામે વરસાદી પાણીનો જમીનમાં સંગ્રહ થાય છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, દેશના કરોડો રૂપિયા યૂરિયા-ડીએપીની સબસિડી પાછળ વેડફાય છે. જો પ્રાકૃતિક ખેતી અપનાવવામાં આવે તો આ ખર્ચ બચી શકે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અમલી થયું છે. રાજ્ય સરકારના પ્રયાસોથી ગુજરાતમાં અત્યારે ૮ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી છે. રાજ્યપાલશ્રીએ કહ્યું કે, ખેડૂતો શરૂઆતમાં તેમના ખેતરના એક ભાગમાં પ્રાકૃતિક કૃષિ કરે તે જરૂરી છે. આ ઉપરાંત તેમણે વિધાનસભાના તમામ સભ્યોને આહવાન કર્યું કે, દરેક સભ્ય પોતાના વિસ્તારના એક ગામને 'પ્રાકૃતિક ગામ' અચૂક બનાવે. રાજ્યપાલ શ્રીએ જળ, જમીન, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય બચાવવા પ્રાકૃતિક ખેતી અનિવાર્ય હોવાનું જણાવી કહ્યું કે, ગુજરાત સરકારના સહયોગથી આ મિશન હવે જન-આંદોલન બની ચૂક્યું છે. જો આપણે આવનારી પેઢીને કેન્સર જેવી ઘાતક બીમારીઓથી બચાવવી હોય અને ખેડૂતોની આવક બમણી કરવી હોય, તો પ્રાકૃતિક ખેતી સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રાકૃતિક ખેતીને આજના અને આવનારા બેય સમયની અનિવાર્યતા ગણાવતા કહ્યું કે, 'પહેલું સુખ તે જાત નિરોગી'. આ પરંપરાગત ઉક્તિ માટે પ્રાકૃતિક ખેતી જ તારણોપાય છે. આ સંદર્ભમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'બેક ટુ બેઝિક'નો મંત્ર આપ્યો છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. તેમણે ઉમેર્યું કે, બેક ટુ બેઝિક દ્વારા માત્ર પ્રાકૃતિક ખેતી જ નહિ, માનવ જીવનના સ્વાસ્થ્યને અસરકર્તા બધા જ સ્ત્રોતોના સંવર્ધનનો માર્ગ વડાપ્રધાનશ્રીએ ચિંધ્યો છે. પાણીની સમસ્યા નિવારવા કેચ ધ રેઈન, ગ્લોબલ વોર્મિંગના પડકારોને પહોંચી વળવા તેમજ ગ્રીન કવર વધારવા માટે એક પેડ માં કે નામ અને સ્વસ્થતા માટે રસાયણમુક્ત ખેતીના વડાપ્રધાનશ્રીએ આપેલા અભિયાનો વ્યાપકપણે અપનાવવા મુખ્યમંત્રીશ્રીએ આહવાન કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરણા અને સઘન માર્ગદર્શનથી પ્રાકૃતિક ખેતી જન આંદોલન બની છે તેનો હર્ષ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતોને ભવિષ્યની પેઢીને સ્વસ્થ-તંદુરસ્ત રાખવાનું આત્મસંતોષપૂર્ણ કામ ગણાવ્યું હતું અને પ્રાકૃતિક ખેતીનો આ પરિસંવાદ વધુને વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા પ્રેરિત કરશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. આ તકે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ સૌને આવકારતાં કહ્યું હતું કે, જીવન જીવવા માટે અતિ આવશ્યક હવા અને પાણીને શુદ્ધ રાખવા 'પ્રાકૃતિક કૃષિ'ને વધુને વધુ પ્રાધાન્ય આપવું ખૂબ જરૂરી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ગુજરાતની પ્રજા માટે સતત સંવેદનશીલતા પૂર્વક આ કાર્ય કરી રહ્યા છે. પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર સાહેબના નેતૃત્વમાં આઝાદીની ચળવળ માટેનું નેતૃત્વ ગુજરાતે કર્યું છે. જ્યારે આજે સુશાસન થકી દેશ અને વિશ્વને દિશા આપવાનું કામ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહ કરી રહ્યા છે. શ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું હતું કે, રાજ્યપાલશ્રી સ્વયં ગામડે ગામડે ખેડૂતોની વચ્ચે જઈને પ્રાકૃતિક કૃષિના ફાયદા બતાવી રહ્યા છે. આ વર્ષે ગુજરાત સરકારે પ્રાકૃતિક કૃષિ અંગે બજેટમાં પણ બહુ મોટી જાહેરાત કરી છે. આ કામ માત્ર સરકારનું ન રહે પરંતુ વિધાનસભાના માધ્યમથી ગુજરાતના છેવાડાના નાગરિક સુધી પહોંચે એ માટેનો પ્રયત્ન આપણે કરવો પડશે. આ જાગૃતિ લાવવામાં મીડિયા પણ ખૂબ મોટી ભૂમિકા ભજવી શકે છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે આભાર વ્યક્ત કરતાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભા ગૃહમાં આ પ્રકારના પ્રાકૃતિક કૃષિના પરિસંવાદનું આયોજન થવું એ સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે. પ્રાકૃતિક કૃષિના ઋષિ અને ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ પરિસંવાદના માધ્યમથી સૌને ખૂબ સરળ ભાષામાં પ્રાકૃતિક કૃષિનું માર્ગદર્શન પૂરું પાડ્યું છે. મંત્રીશ્રીએ ગૃહના સૌ સભ્યોને અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ એ આજના સમયમાં માનવજીવન સૌથી સંવેદનશીલ મુદ્દો છે, જેથી સૌ પ્રજાના પ્રતિનિધિઓએ પણ પોતાના વિસ્તારમાં અંગત રસ લઈ પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા જોઈએ. આ પ્રસંગે સંસદીય બાબતોના મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશભાઈ મોદી સહિત મંત્રી મંડળના સભ્યો, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી, પૂર્વ ઉપાધ્યક્ષશ્રી, પૂર્વ સાંસદશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, વૈજ્ઞાનિકો, સાહિત્યકારો, મીડિયાના સંપાદકો અને પ્રતિનિધિઓ તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે બે દિવસીય 'અખિલ ભારતીય આચાર્ય ભરતમુનિ સંસ્કૃત સમારોહ'નો ભવ્ય પ્રારંભ

કમલમ્,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU), અમદાવાદના 'જ્યોતિર્મય પરિસર' ખાતે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગુજરાત સરકારના સહયોગથી બેદિવસીય "અખિલ ભારતીય આચાર્ય ભરતમુનિ સંસ્કૃત સમારોહ"નો ભવ્ય પ્રારંભ થયો હતો. સમારોહના પ્રથમ દિવસે ઉદ્ઘાટનસત્રમાં પદ્મવિભૂષણ ડૉ. સોનલ માનસિંહે ભારતીય કલા અને માતૃભાષા પ્રત્યે ગૌરવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, નાટ્યશાસ્ત્રમાં ગુરુનું સ્થાન અત્યંત મહત્વનું છે. કલા દેશ, કાળ અને પરિસ્થિતિ મુજબ અભિવ્યક્ત થાય ત્યારે જ જીવંત રહે છે. સમારોહની અધ્યક્ષ કુલગુરુ પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે યુનિવર્સિટી દ્વારા સંસ્કૃત અને ભારતીય કલા પરંપરાના સંવર્ધન માટે કરવામાં આવી રહેલા પ્રયાસોની માહિતી આપી હતી. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ શ્રી હિમાંજય પાલીવાલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં સંસ્કૃત અને નાટ્ય પરંપરાના પુનરુત્થાન માટે બોર્ડ પ્રતિબદ્ધ છે અને સંશોધન કાર્ય માટે વિદ્વાનોને ધનના અભાવે અવરોધ ન આવે તેનું સંપૂર્ણ ઉત્તરદાયિત્વ બોર્ડ વહન કરશે. ડૉ. સચ્ચિદાનંદ જોશીએ ભારતીય હસ્તપ્રતોના સંરક્ષણ અને સંપાદન કાર્યની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો અને સાંસ્કૃતિક ધરોહર પ્રત્યે સજાગ થવા આહ્વાન કર્યું હતું. ડૉ. સંધ્યા પુરેચાએ નાટ્યશાસ્ત્રને જીવનને સાર્થક બનાવવાનો માર્ગ ગણાવ્યો હતો અને નવી શિક્ષણ નીતિ અંતર્ગત નાટ્યશાસ્ત્રના શિક્ષણ તરફના પ્રયાસોને સરાહનીય ગણાવ્યા હતા. સમારોહના પ્રારંભે શ્રી કૃષ્ણેન્દુ સાહા દ્વારા ઓડિસી નૃત્યશૈલીમાં ગણેશ વંદના અને દશાવતારની નૃત્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. સંધ્યા પુરેચા (અધ્યક્ષા, સંગીત નાટક અકાદમી) અને ડૉ. સચ્ચિદાનંદ જોશી (સભ્ય સચિવ, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર, દિલ્હી) ડૉ. મહેશ ચંપકલાલ, ડૉ. ગિરીશ ઠાકર આદિ વિદ્વાનોની ઉપસ્થિત રહ્યા હતા.

અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલની ૩૪ વર્ષની સેવાની નિવૃત્તિ: સિદ્ધિ અને સમર્પણનો કાર્યકાળ

માહિતી અને પ્રસારણ સચિવ ડો. વિક્રાંત પાંડેની અધ્યક્ષતામાં અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલનો વય નિવૃત્તિ કાર્યક્રમ યોજાયો

કમલમ્,

માહિતી અને પ્રસારણ સચિવ ડૉ. વિક્રાંત પાંડેની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલનો વય નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે માહિતી કમિશનર શ્રી કે.એલ.બચાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નિવૃત્ત થઈ રહેલા શ્રી અરવિંદ પટેલની સેવાઓને બિરદાવતા માહિતી અને પ્રસારણ સચિવ ડૉ. વિક્રાંત પાંડેએ જણાવ્યું હતું કે, શ્રી અરવિંદ પટેલ અત્યંત કર્મઠ, બુદ્ધિશાળી અને ધૈર્યવાન વ્યક્તિત્વ છે. મીડિયા અને જનસંપર્ક જેવા પડકારજનક ક્ષેત્રમાં તેમણે અત્યંત સૂઝબૂઝથી કાર્ય કર્યું છે. અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલની ૩૪ વર્ષની સેવાની નિવૃત્તિએ સિદ્ધિ અને સમર્પણનો કાર્યકાળ રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, માહિતી વિભાગએ સરકારની કામગીરીને સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડતું અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ વિભાગ છે. મર્યાદિત સંશાધનો અને સતત મીડિયાના સંપર્ક વચ્ચે સરકારનું સંકલન કરવાની તેમની પદ્ધતિ ખરેખર પ્રશંસનીય છે. માહિતી કમિશનર શ્રી કે.એલ. બચાણીએ નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું હતું કે, જ્યારે પણ મીડિયા મેનેજમેન્ટ કે વહીવટી પ્રક્રિયાઓમાં જટિલ સ્થિતિ સર્જાતી હોય છે, એવા સમયે શ્રી અરવિંદ પટેલની સમયસૂચકતા અને ત્વરિત નિર્ણયશક્તિ હંમેશા માહિતી વિભાગના વહારે આવી છે. ૨૪ કલાક ફરજ માટેની તેમની તત્પરતા એ માહિતી ખાતાની કામગીરીને ગૌરવ અપાવ્યું છે. તેમની કાર્યસંસ્કૃતિ નવા અધિકારીઓ માટે દીવાદાંડી સમાન બની રહેશે તેવો કમિશનરશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીના અધિક જનસંપર્ક અધિકારી શ્રી વિવેક ત્રિવેદીએ શ્રી અરવિંદ પટેલના સાથેના અનુભવો વાગોળતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી કે મુખ્યમંત્રીશ્રીના મોટા કાર્યક્રમોમાં જ્યારે મીડિયા પ્લાનિંગના જટિલ પ્રશ્નો ઉભા થતા, ત્યારે શ્રી પટેલનું શાંત રહીને સચોટ સમાધાન લાવવાનું કૌશલ્ય 'ક્રાઈસિસ મેનેજમેન્ટ'નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ સમારંભમાં સંયુક્ત માહિતી નિયામકશ્રી સંજય કચોટે સૌને આવકારી પોતાના અનુભવો તાજા કર્યા હતા અને ચારેય ઝોનના સંયુકત નિયામક સવશ્રી મિતેશ મોડાસિયા, જયેશ દવે, અરવિંદ મછાર, હેતલ દવેએ પ્રાસંગિક ઉદબોધનમાં પટેલ સર સાથેના એમની કામગીરીના અનુભવોનું ભાથું પીરસીને નિવૃત્તિ જીવનની શુભેચ્છાઓ આપી હતી. જ્યારે સમાચાર શાખાના નાયબ માહિતી નિયામક શ્રી દિલીપ ગજ્જરે આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે શ્રી પટેલ સાહેબના પરિવારજનો, માહિતી કમિશનરની કચેરી સહિત વિવિધ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પટેલ સાહેબને સુખમય નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

નીતિ આયોગ દ્વારા ફ્રન્ટિયર ૫૦ વર્કશોપનું આયોજન: એસ્પિરેશનલ બ્લોકસમાં ઈન્ટેલિજન્ટ ગવર્નન્સને આગળ વધારવું

કમલમ્,

નીતિ આયોગે ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ્સ એન્ડ બ્લોક્સ પ્રોગ્રામ (ADP/ABP) હેઠળ ફ્રન્ટિયર ૫૦ વર્કશોપનું આયોજન કર્યું હતું, જે જાહેર નીતિમાં ડિજિટલ ગવર્નન્સથી ઈન્ટેલિજન્ટ AI-સક્ષમ ગવર્નન્સ તરફના વ્યૂહાત્મક પરિવર્તનને ચિહ્નિત કરે છે. વર્કશોપમાં સુશ્રી નિધિ છિબ્બર, CEO નીતિ આયોગ, પ્રો. અભય કરંદીકર, સચિવ વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અને સુશ્રી દેબજાની ઘોષ, ડિસ્ટિંગ્વિશ્ડ ફેલો અને ચીફ આર્કિટેક્ટ નીતિ ફ્રન્ટિયર ટેક્નોલોજી અને શ્રી રોહિત કુમાર, અધિક સચિવ અને મિશન ડાયરેક્ટર, એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ્સ એન્ડ બ્લોક્સ પ્રોગ્રામ, નીતિ આયોગ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓ અને જિલ્લા મેજિસ્ટ્રેટોની હાજરીમાં શોભી ઉઠી હતી. પરામર્શ ૫૦ એસ્પિરેશનલ બ્લોક્સમાં વાસ્તવિક-વિશ્વ પ્રભાવ સેન્ડબોક્સ તરીકે ફ્રન્ટિયર ટેક્નોલોજીઓને કાર્યરત કરવા પર કેન્દ્રિત હતો. વર્કશોપ દરમિયાન ADP/ABP ન્યૂઝલેટર Aspiratioonal Times બહાર પાડવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સત્રમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે ભારતનો વિકાસ જિલ્લા દર જિલ્લા થાય છે. ટેકનોલોજીને વિકસિત ભારતના વ્યૂહાત્મક સમર્થક તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું, જે ગવર્નન્સને સેવા ડિજિટાઈઝેશનથી અનુકૂલનશીલ ઈન્ટેલિજન્સ અને સંસ્થાકીય પુનઃશોધ તરફ લઈ જાય છે. વક્તાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ફ્રન્ટિયર ટેકનોલોજી રાષ્ટ્રીય ટેક ડિવિડન્ડને અનલોક કરી શકે છે, આર્થિક વૃદ્ધિ અને સામાજિક વિકાસને વેગ આપી શકે છે અને વ્યૂહાત્મક સ્વાયત્તતાને મજબૂત કરી શકે છે. મુખ્ય સિદ્ધાંતોમાં વાસ્તવિક ગવર્નન્સ સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું, ડેટા-આધારિત નિર્ણય લેવાને સક્ષમ કરવું, સંસ્થાકીય ક્ષમતા નિર્માણ અને નેતૃત્વ તથા વિશ્વાસમાં ટેકનોલોજીને સ્થિર કરવાનો સમાવેશ થાય છે.

ફ્રન્ટિયર ટેકનોલોજી પર થીમેટિક સત્રો

આઠ મંત્રાલયોને જિલ્લા સ્તરે નિર્ણય લેવામાં ડિજિટલ એકીકરણના માર્ગો દર્શાવવા માટે પ્લેટફોર્મ મળ્યું હતું. નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ્સ ફ્રેમવર્કે ૨૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સક્ષમ (SaQsham) પ્લેટફોર્મ દ્વારા જાહેર આરોગ્ય સુવિધાઓને પ્રમાણિત કરી છે. પોષણ ૨.૦ હેઠળ, પોષણ ટ્રેકર લગભગ વાસ્તવિક સમયમાં ૧૪ લાખથી વધુ આંગણવાડી કેન્દ્રોનું નિરીક્ષણ કરે છે, જે પોષણ વિતરણને માપી શકાય તેવી ગવર્નન્સ સિસ્ટમમાં પરિવર્તિત કરે છે. જલ જીવન મિશન હેઠળ, સ્ગતિ શક્તિ પર જીઓ-ટેગ કરેલી અસ્કયામતો અને પાઈપલાઈન મેપિંગ સાથે ગ્રામીણ નળના પાણીનું કવરેજ વિસ્તર્યું છે, જેમાં જિલ્લા કલેક્ટરો, VWSC-ની આગેવાની હેઠળની માલિકી અને પાણીની ગુણવત્તા પરીક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. પશુ આધાર દ્વારા ડિજિટલ પશુધન ગવર્નન્સ વાસ્તવિક સમયના રસીકરણ ટ્રેકિંગ અને રોગની દેખરેખ માટે AI-તૈયાર ડેટાસેટ્સને સક્ષમ કરે છે. ડિજિટલ એગ્રીકલ્ચર મિશન એગ્રીસ્ટેક (AgriStack) અને ભારત વિસ્તાર દ્વારા ઈન્ટરઓપરેબલ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવી રહ્યું છે જે ખેડૂત રજિસ્ટ્રીઝ, જીઓ-રેફરન્સ મેપ્સ અને બહુભાષી સલાહને એકીકૃત કરે છે. બેંકિંગ અને નાણાકીય સેવાઓમાં, AI ક્રેડિટ સ્કોરિંગ, છેતરપિંડી શોધવા, AML અને KYC ઓટોમેશન અને નાણાકીય સમાવેશ સૂચકાંકોના નિરીક્ષણમાં મદદ કરે છે. ચર્ચાઓમાં બોરવેલ-આધારિત વિસ્તારોમાં જરૂરિયાત મૂલ્યાંકન, API એકીકરણ, સુધારેલ પોષણ માન્યતા અને ફ્રન્ટલાઈન કામદારો માટે AR-આધારિત તાલીમ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

જૂથ ચર્ચા અને આગળનો માર્ગ

ફ્રન્ટિયર ટેકનોલોજીના પ્રદર્શનોમાં શ્રી અભિષેક સિંઘ MeitY દ્વારા રજૂ કરાયેલ ઈન્ડિયા AI સોવરિન સ્ટેક એપ્લિકેશન્સ, સુશ્રી સાચી ચોપરા દ્વારા પ્રદર્શિત નીતિ ફ્રન્ટિયર ટેક રિપોઝીટરી, AI-સક્ષમ જમીન નિદાન, રાજ્યની માલિકીના SPV મોડલ હેઠળ ભારતના પ્રથમ સંપૂર્ણ AI-સક્ષમ જિલ્લા તરીકે સિંધુદુર્ગ અને ટનક જિલ્લામાં ધોરણ ૧૦ના ગણિતના પરિણામોમાં સુધારો કરતા PadhaiWithAI નો સમાવેશ થાય છે. ફ્રન્ટિયર ૫૦ હેઠળ, AI ડિજિટલ ઈન્ટેલિજન્સ અને ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સમૃદ્ધિ કેન્દ્રો સાથે આસિસ્ટેડ ડિજિટલ એક્સેસ પોઈન્ટ્સ તરીકે ફિજિટલ (phygital) મોડલ દ્વારા એકીકૃત કરવામાં આવ્યા છે. જિલ્લાઓ માટે તેમના જિલ્લાઓ અને બ્લોકસમાં વિષયવાર પડકારોને ઉકેલવામાં તેમના ટેકનોલોજી-આધારિત હસ્તક્ષેપો રજૂ કરવાની આ એક તક પણ હતી. સમાપન તરફ, નીતિ આયોગે માઈક્રો-લોકલાઈઝેશન, ઈન્ટરઓપરેબલ ડિસ્ટ્રિક્ટ ડેટા સ્ટેક્સ, માપી શકાય તેવા પરિણામો અને જવાબદાર નેતૃત્વ પર ભાર મૂક્યો હતો.

કમલમ્,

સંતરામપુર નગર પાલિકા ફાયર સ્ટેશન હોલ ખાતે ન્યુ ગુજરાત પેટર્ન યોજના, વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરી, લુણાવાડા-મહીસાગર તથા મદદનિશ કમિશ્નરશ્રી (આદિજાતી વિકાસ), લુણાવાડા-મહીસાગર ના સંયુક્ત ઉપક્રમે મહીસાગર જિલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકાના શિક્ષિત આદિજાતી યુવાનો માટે સરકારી ભરતીઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વિનામૂલ્યે સુવિધાઓ આપવામાં આવી છે. આ યોજના હેઠળ ઉમેદવારોને ૧ વર્ષની વેલીડીટી ધરાવતી "ઓલ ઇન વન" ઓનલાઈન મોબાઇલ એપ્લિકેશનનો એક્સેસ તથા વિવિધ પુસ્તકોનો સેટ વિનામૂલ્યે આપવામાં આવ્યો છે. આ એપ્લિકેશન દ્વારા નીચેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરી શકાશે: GPSC, પોલીસ - SRP કોન્સ્ટેબલ (લોકરક્ષક), PSI / ASI, ફોરેસ્ટ (વનરક્ષા સહાયક), તલાટી-મંત્રી, સચિવાલય / બિન-સચિવાલય, આર્મી તથા વિવિધ લશ્કરી દળોની ભરતી આ પુસ્તકો અને એપ્લિકેશનના એક્સેસનું વિતરણ ૧૨૩-સંતરામપુર વિધાનસભા ધારાસભ્યશ્રી ડો. કુબેર ડીંડોર ના વરદહસ્તે કરવામાં આવ્યું. આ પહેલ દ્વારા આદિજાતી યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરવા માટે મજબૂત માર્ગદર્શન અને સશક્ત પ્લેટફોર્મ મળશે.

સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજીત સંગઠ્નાત્મક અને પરિચય બેઠક

ગુજરાત પ્રદેશ ભાજપા મહામંત્રી તથા દક્ષિણ ગુજરાતના ક્ષેત્રીય પ્રભારીશ્રી પ્રશાંતભાઇ કોરાટજીની ઉપસ્થિતિમાં યોજાઈ.

કમલમ્,બારડોલી

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી તથા દક્ષિણ ગુજરાતના ક્ષેત્રીય પ્રભારી શ્રી ડૉ. પ્રશાંતભાઈ કોરાટજીના સુરત જિલ્લા સંગઠનાત્મક પ્રવાસ અંતર્ગત જિલ્લા સ્તરની મહત્વપૂર્ણ બેઠક જિલ્લા પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડજીની અધ્યક્ષતામાં આજરોજ 'શ્રી કમલમ' સુરત જીલ્લા ભારતીય જનતા પાર્ટીના મધ્યસ્થ કાર્યાલય, બારડોલી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડ એ સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યાર બાદ શ્રી ડૉ. પ્રશાંત કોરાટ જી દ્વારા પાર્ટીના આગામી કાર્યક્રમોની રૂપરેખા રજૂ કરી સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યકરોમાં ઉર્જા અને સક્રિયતા વધે તે માટે સંગઠનશક્તિ, સમન્વય અને બૂથ સ્તર સુધી પહોંચવાની જરૂરિયાત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં ૨૩-બારડોલી લોકસભાના સાંસદ શ્રીપ્રભુભાઈ વસાવા, ધારાસભ્યશ્રીઓ શ્રી ઈશ્વરભાઈ પરમારજી, શ્રી સંદીપભાઈ દેસાઈ, સુરત જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી ભાવિનીબેન પટેલ, પ્રદેશ ભાજપાના સદસ્ય શ્રી અર્જુનભાઈ ચૌધરી તથા તાપી જિલ્લા ભાજપાના પૂર્વ મહામંત્રીશ્રી વિક્રમભાઈ તરસાડિયા, સુરત જીલ્લા ભાજપા મહામંત્રીશ્રીઓ જગદીશભાઈ પારેખ, રોહિતભાઈ પટેલ, અંકુરભાઈ દેસાઈ, સુરત જીલ્લા ભાજપાના હોદ્દેદારશ્રીઓ, જીલ્લાના મીડિયાના સંયોજક તેજસ વશી, આઈ.ટી, સંયોજક પલક નાયક, સોશિયલ મીડિયાના સંયોજક વિજયસિંહ સોલંકી તથા, તમામ મંડળના પ્રમુખ/ મહામંત્રીશ્રીઓ, તા.પંચાયત તથા નગરપાલિકા ચૂંટાયેલા સભ્યશ્રીઓ, તેમજ સૌ કાર્યકર્તા મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. બેઠકનું સંચાલન જિલ્લા મહામંત્રી શ્રી જગદીશ ભાઈ પારેખ કર્યું હતું જ્યારે આભાર વિધિ મહામંત્રીશ્રી રોહિતભાઈ પટેલે કરી હતી. આ તેમજ મહામંત્રી શ્રી અંકુરભાઈ દેસાઈ એ વ્યવસ્થા સંભાળી હતી. બેઠક અંતે સર્વે કાર્યકરોને આવનારા કાર્યક્રમોને સફળ બનાવવા માટે સંકલ્પબદ્ધ થવા અને સંગઠનને વધુ સશક્ત બનાવવા માટે એકજૂટ થઈ કાર્ય કરવાની અપીલ કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા સ્તરના તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સંગઠનના હોદ્દેદારોની વિશાળ ઉપસ્થિતિ નોંધાઈ હતી. સંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા સંગઠનના હોદ્દેદારો, જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, નગરપાલિકાના નગરસેવકો, મંડળના પ્રમુખ-મહામંત્રીઓ તેમજ વિવિધ મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત બનશે ભારતનું 'ગેટવે ટુ સિલિકોન': ગાંધીનગર ખાતે 'ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કેન્દ્રીય આઈટી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ – નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી – સાયન્સ અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા અને દેશ-વિદેશના સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીઝના અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિ

ગુજરાત પોલિસી સ્ટેબિલિટી, ટ્રાન્સપરન્સી, ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ તથા ડેવલપમેન્ટ માટેની પોલિટીકલ વિલ સાથે સેમિકન્ડક્ટર અને ચિપ મેન્યુફેક્ચરિંગમાં ફાસ્ટ મૂવર બની રહ્યું છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



:: મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ::

- દેશના ગ્રોથ એન્જિન ગુજરાતને ટેક એન્જિન બનાવવાનો સંકેત આ કોન્ફરન્સ છે
- ધોલેરા SIR માત્ર બ્લૂપ્રિન્ટ નહિ, પણ હવે દેશનું સેમિકોન સિટી બનવા સજ્જ છે.
- સેમિકન્ડક્ટર સેક્ટર માટે જરૂરિયાત મુજબનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સની સાથે યુવા સ્કિલ્ડ વર્કફોર્સ પણ તૈયાર કરી રહ્યા છીએ.
- સેમિકોન સેક્ટરમાં નવા રોકાણોથી આત્મનિર્ભર અને વિકસિત ભારત@2047ના વડાપ્રધાનશ્રીના સંકલ્પને ચિપથી ચેમ્પિયન સુધીની સફરથી ચરિતાર્થ કરવા ગુજરાતની નેમ

:: કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ ::

★ સાણંદમાં માઈક્રોનના પ્રથમ પ્લાન્ટના પ્રારંભ સાથે ભારતે વિશ્વના સેમિકન્ડક્ટર નકશા પર વિશેષ સ્થાન મેળવ્યું
★ ભારત માત્ર ચિપ્સ જ નહીં, પરંતુ ચિપ બનાવવાની મશીનરી, મટીરીયલ અને ટેસ્ટિંગ ઇકોસિસ્ટમ પણ વિકસાવશે
★ સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં વૈશ્વિક સ્તરે ૨૦ લાખ નિષ્ણાતોની અછત સર્જાવાની છે, જેને ભારત પૂરી કરશે
★ ગુજરાત પાસે વધારાની વીજળી અને ક્લીન એનર્જી ઉપલબ્ધ હોવાથી રાજ્યમાં ડેટા સેન્ટર્સ સ્થાપવાની ઉજ્જ્વળ તક

:: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ::

★ દેશમાં સૌથી વધુ રિટર્ન ઓન ઇન્વેસ્ટમેન્ટની ગેરંટી આપતું રાજ્ય ગુજરાત
★ ગુજરાત રોકાણકારોને રોકાણની સાથે સુરક્ષિત ભવિષ્યની ગેરંટી આપે છે
★ દેશની માત્ર ૫ ટકા વસ્તી અને ૬ ટકા ભૌગોલિક વિસ્તાર ધરાવતું ગુજરાત, ભારતની કુલ મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં ૧૮ ટકા, GDPમાં ૮ ટકા, નિકાસમાં ૩૦ ટકા અને કુલ કાર્ગો હેન્ડલિંગમાં ૪૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સેમી કનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬નો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા જણાવ્યું કે, ગુજરાત પોલીસી સ્ટેબિલિટી, ટ્રાન્સપરન્સી, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ તથા ડેવલપમેન્ટ માટેની પોલિટીકલ વિલ સાથે સેમિકન્ડક્ટર અને ચિપ મેન્યુફેક્ચરિંગમાં ફાસ્ટ મૂવર બની રહ્યું છે અને દેશના ગ્રોથ એન્જિન ગુજરાતને ટેક એન્જિન બનાવવાનો સ્પષ્ટ સંકેત આ કોન્ફરન્સ આપે છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ભારત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં હવે હાર્ડવેરના ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ સશક્ત કરી રહ્યું છે અને ઈન્ડિયા ઈઝ રેડી, ઈન્ડિયા ઈઝ રિલાયેબલ એન્ડ ઈન્ડિયા ડિલીવર્સનો જે વિશ્વાસ તેમણે અપાવ્યો છે તેને આ ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સથી પાર પાડવાની નેમ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત જ ૨૦૪૭' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવા તરફ ગુજરાતે વધુ એક ઐતિહાસિક પગલું ભર્યું છે. તે અંતર્ગત ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 'ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬' ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ગરિમાપૂર્ણ અવસરે કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને સાયન્સ-ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા સહિત ઉદ્યોગ જગતના દિગ્ગજો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનથી પ્રેરિત અને રાજ્ય સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા આયોજિત આ ગ્લોબલ કોન્ફરન્સની થીમ "ગુજરાતઃ ભારતનું સિલિકોન ગેટવે" રાખવામાં આવી છે, જે હાઈ-ટેક ચિપ નિર્માતાઓ અને સ્થાનિક ઉદ્યોગ વચ્ચે વ્યૂહાત્મક સહયોગને પ્રોત્સાહન આપશે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સેમી કનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬ને રાઈટ જોબ એટ રાઈટ ટાઈમ ગણાવતા ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના હસ્તે સાણંદમાં માઈક્રોન પ્લાન્ટની શરૂઆતથી દેશ માટે ટેક્નોલોજીકલ યુગના રિવોલ્યુશનનો શંખનાદ થયો છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, આ ઐતિહાસિક ઘટના પછી તરત જ શરૂ થઈ રહેલી આ ગુજરાત સેમી કનેક્ટ કોન્ફરન્સ રાજ્યની સેમિકન્ડક્ટર સેક્ટર ઈકોસિસ્ટમની સજ્જતા તથા વૈશ્વિક ભાગીદારોને રાજ્યમાં આકર્ષીને રિસર્ચ, ઈનોવેશન અને સપ્લાય ચેઈન લોકલાઈઝેશનથી આત્મનિર્ભર ભારતનું વિઝન પાર પાડશે. મુખ્યમંત્રીશ્રીએ સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીઝના કેપ્ટન્સ અને નિવેશકોને ધોલેરા, સાણંદમાં ચિપ મેન્યુફેક્ચરીંગ અને ગિફ્ટ સિટીમાં ડિઝાઈન અને ફાઈનાન્સના સમન્વયથી રાજ્યમાં જે એન્ડ ટુ એન્ડ એક્સક્લુસિવ ઈકોસિસ્ટમ છે તેની વિસ્તૃત ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે, ધોલેરા SIR હવે એક બ્લૂ પ્રિન્ટ નથી રહ્યું પણ ભારતનું સેમિકોન સિટી બનવા જઈ રહ્યું છે. ધોલેરા અને સાણંદમાં સેમિકન્ડક્ટર સેક્ટર માટે ભવિષ્યની જરૂરીયાતો મુજબનું ક્વોલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્લગ એન્ડ પ્લે ફેસેલિટી તથા લોજિસ્ટિક્સ વ્યવસ્થાઓ આધુનિક બનાવી છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગુજરાત સેક્ટર સ્પેસિફિક પોલિસી મેકિંગથી પોલિસી ડ્રિવન સ્ટેટ, ટેકનોલોજી આધારિત વિકાસને પ્રાથમિકતા અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના કારણે ગ્લોબલ કંપનીઝ અને નિવેશકો માટે રોકાણની પહેલી પસંદ બન્યું છે તેમ શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, વિશ્વના ઉદ્યોગો જ્યારે કાર્બન ફૂટપ્રિન્ટ અને કાર્બન ટેક્સને લઈને ચિંતામાં છે ત્યારે ગુજરાત પાવર સરપ્લસ સ્ટેટ અને રિન્યૂએબલ એનર્જી સેક્ટરમાં અગ્રેસર રહીને ગ્રીન ગ્રોથને પ્રાથમિકતા આપે છે. આવા સુદ્રઢ ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે સેમિકોન ઈન્ડસ્ટ્રીઝ માટે યુવા સ્કિલ્ડ વર્કફોર્સ તૈયાર કરવાની દિશામાં પણ ગુજરાત પ્રતિબદ્ધ છે તથા આઈ.આઈ.ટી. ગાંધીનગરમાં આ હેતુસર સમર્થ પ્રોજેક્ટ અંતર્ગત નેનો ફેબ્રિકેશન લેબનું નિર્માણ થઈ રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ સેમિકોન સેક્ટરમાં નવા રોકાણોથી આત્મનિર્ભર અને વિકસિત ભારત @2047ના વડાપ્રધાનશ્રીના સંકલ્પને ચિપથી ચેમ્પિયન સુધીની સફરથી ચરિતાર્થ કરવામાં ગુજરાત લીડ લેશે અને સેમિકોન સેક્ટરના રોકાણકારોને ગુજરાતમાં તેમનું રોકાણ સસ્ટેનેબલ ડેવલપમેન્ટના બેન્ચમાર્ક પ્રસ્થાપિત કરશે તેવો વિશ્વાસ આપ્યો હતો.

કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ

આ પ્રસંગે કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ભારતની સેમિકન્ડક્ટર સફરમાં ગઈકાલનો દિવસ ઐતિહાસિક રહ્યો છે. સાણંદમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે માઈક્રોનના પ્રથમ પ્લાન્ટના પ્રારંભ સાથે ભારતે વિશ્વના સેમિકન્ડક્ટર નકશા પર વિશેષ સ્થાન મેળવ્યું છે. આ સફળતા બાદ હવે સરકાર 'સેમીકોન ૨.૦' લોન્ચ કરવા જઈ રહી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતને માત્ર ઉત્પાદન જ નહીં પરંતુ ડિઝાઈન, મશીનરી અને ટેલેન્ટનું વૈશ્વિક કેન્દ્ર બનાવવાનો છે. વડાપ્રધાનશ્રીના વિઝન અને અમલીકરણ પર ભાર આપતા કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સેમિકન્ડક્ટર રાષ્ટ્ર બનવાનું સ્વપ્ન ભારતે ભૂતકાળમાં જોયું હતું, જે રીતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ ક્ષેત્રે સ્પષ્ટ નીતિ અને સચોટ અમલીકરણ કરવામાં આવ્યું, તેણે આ સપનાને હકીકત બનાવી છે. વર્ષ ૨૦૨૧માં જ્યારે આ અંગે પ્રથમ પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું, ત્યારે વડાપ્રધાનશ્રીએ ૪૫ મિનિટને બદલે ૩ કલાક સુધી દરેક વિગતો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી, જે તેમની આ મિશન પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, 'લર્ન ટુ વોક બિફોર યુ રન'ના સિદ્ધાંત સાથે સેમીકોન ૧.૦ સફળ થયા બાદ હવે સેમીકોન ૨.૦ અંતર્ગત કેટલીક પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવી છે, જેમાં ડિઝાઈન ઈકોસિસ્ટમ થકી ક્વાલકોમ, બ્રોડકોમ અને એનવીડિયા જેવી કંપનીઓ દેશમાં જ તૈયાર થાય તે માટે ડીપ-ટેક સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપશે. ભારત માત્ર ચિપ્સ જ નહીં, પરંતુ ચિપ બનાવવાની મશીનરી, મટીરીયલ અને ટેસ્ટિંગ ઈકોસિસ્ટમ પણ વિકસાવશે. જાપાનના મોડેલમાંથી શીખ લઈને ભારત આગામી ૨૦ વર્ષના વિઝન સાથે આ મજબૂત પાયો બનાવી રહ્યું છે. વૈશ્વિક ટેલેન્ટ હબ વિશે મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં વૈશ્વિક સ્તરે ૨૦ લાખ નિષ્ણાતોની અછત સર્જાવાની છે, જેને ભારત પૂરી કરશે. ભારતે ૧૦ વર્ષમાં ૮૫ હજાર એન્જિનિયર્સ તૈયાર કરવાનો લક્ષ્યાંક માત્ર ચાર જ વર્ષમાં જ હાંસલ કરી લીધો છે. હાલમાં દેશની વિવિધ ૩૫ યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ વાસ્તવિક ચિપ્સ ડિઝાઈન કરી રહ્યા છે. હવે આ નેટવર્કને ૩૧૫થી વધારીને ૫૦૦ યુનિવર્સિટીઓ સુધી લઈ જવામાં આવશે, જેથી દરેક રાજ્યના યુવાનોને આ હાઈ-ટેક ક્ષેત્રમાં રોજગારી મળી શકે. કેન્દ્રીય મંત્રી શ્રી વૈષ્ણવે વધુમાં, કહ્યું હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્તરે ૨૫૦ બિલિયન ડોલર અને ડીપ-ટેક વીસી ફંડિંગમાં ૧૭ બિલિયન ડોલરના રોકાણની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે. વર્ષ ૨૦૪૭ સુધી ટેક્સ ઈન્સેન્ટિવ્સની ખાતરી આપીને સરકારે નીતિ વિષયક સ્થિરતા પૂરી પાડી છે. જેનાથી ભારતની આઈટી ઈન્ડસ્ટ્રી હવે સોફ્ટવેર સર્વિસીસથી આગળ વધીને AI-આધારિત સર્વિસીસમાં વિશ્વનું નેતૃત્વ કરશે. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ બજેટમાં વર્ષ ૨૦૪૭ સુધીના પ્રોત્સાહનો આપીને ડેટા સેન્ટર્સ માટે મજબૂત પાયો નાખ્યો છે. ગુજરાત પાસે વધારાની વીજળી અને ક્લીન એનર્જી ઉપલબ્ધ હોવાથી રાજ્ય સરકારને ડેટા સેન્ટર્સ સ્થાપવાની ઉજ્જ્વળ તક છે. આ પગલું ભારતને વિશ્વના ડેટા હબ તરીકે સ્થાપિત કરવામાં અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વિઝનને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો અભૂતપૂર્વક વિકાસ થયો છે, જે છેલ્લા ૧૦ વર્ષમાં રૂ. ૨ લાખ કરોડથી વધીને રૂ. ૧૨ લાખ કરોડ સુધી પહોંચ્યો છે. આ ઉદ્યોગમાં હાલ ૨૫ લાખ લોકો રોજગારી મેળવી રહ્યા છે અને તે ૨૦ ટકાથી વધુના ઝડપે સાથે સતત વધી રહ્યો છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતનું સાણંદ ભારતનું નવું સિલિકોન વેલી બનવા તરફ આગળ વધી રહ્યું છે તેમ જણાવતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ગુજરાત આજે રોકાણકારોની પહેલી પસંદગી બની રહ્યું છે. દેશમાં સૌથી વધુ રિટર્ન ઓન ઈન્વેસ્ટમેન્ટની ગેરંટી આપતું રાજ્ય ગુજરાત છે. ગુજરાત એ માત્ર રોકાણ માટેનું રાજ્ય નથી, પણ સુરક્ષિત ભવિષ્યની ગેરંટી છે. ગુજરાતમાં આજે કરવામાં આવેલું રોકાણ આવનારી ૧૦ પેઢીઓ સુધી સુરક્ષિત રહેશે તેવી ખાતરી શ્રી સંઘવીએ રોકાણકારોને આપી હતી.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગુજરાતની આર્થિક ક્ષમતાના આંકડા રજૂ કરતા જણાવ્યું કે, ગુજરાત દેશની માત્ર ૫ ટકા વસ્તી અને ૬ ટકા ભૌગોલિક વિસ્તાર ધરાવે છે તેમ છતાં, ભારતની કુલ મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં ૧૮ ટકાથી વધુ યોગદાન ગુજરાતનું છે. ભારતના કુલ GDPમાં ગુજરાતનો હિસ્સો ૮ ટકાથી વધુ છે. દેશના કુલ નિકાસમાં ૩૦ ટકાથી વધુ અને કુલ કાર્ગો હેન્ડલિંગમાં ૪૦ ટકાથી વધુ હિસ્સો ગુજરાતનો છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વર્ષોથી જળવાયેલી રાજકીય અને નીતિગત સ્થિરતા એ ગુજરાતની સૌથી મોટી તાકાત છે. ગુજરાત સરકાર હંમેશા રોકાણકારોની નાની-નાની સમસ્યાઓ સાંભળીને તેને ઉકેલવાની ભાવના સાથે કામ કરે છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાતના યુવાનો વૈશ્વિક સ્તરની ટ્રેનિંગ લઈને તૈયાર થયા છે અને તેઓ અન્ય દેશોના યુવાનો કરતા પણ વધુ મહેનતુ સાબિત થયા છે.

મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

આ પ્રસંગે સાયન્સ અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, જ્યારે દુનિયાની સામે કોવિડ-૧૯ના પડકારો ઊભા થયા અને તેને કારણે અમુક જે અગત્યના પાર્ટસ હતા એની સપ્લાય ચેઈન ખોટવાઈ હતી એમાં મહત્વની સિસ્ટમ સેમિકન્ડક્ટર છે. સેમીકન્ડક્ટર ઉત્પાદન બંધ થવાથી દુનિયાના ઘણાં ઉદ્યોગોને માઠી અસર થઈ હતી. આ એક મોટો પડકાર હતો, આ પડકારને એક અવસર ગણીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ દેશને સેમીકન્ડક્ટર હબ બનાવવાનું નક્કી કર્યું હતું. આ પરિકલ્પનાને સાકાર કરવા ગઈકાલે વડાપ્રધાનશ્રીના હસ્તે સાણંદ ખાતે દેશના પ્રથમ માઈક્રોન ચીપ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ ક્ષેત્રે આપણે ખૂબ મોટું ખેડાણ કરવાનું બાકી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત નોલેજ હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે તેમ, મંત્રીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસે જણાવ્યું હતું કે, ગઈકાલે આપણે સૌએ એક ઐતિહાસિક ક્ષણ નિહાળી જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સેમિકન્ડક્ટર ક્ષેત્રે માઈક્રોનના રોકાણનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રોજેક્ટ સાથે ગુજરાત હવે સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનું એક મજબૂત કેન્દ્ર બની ગયું છે. તેમણે કહ્યું હતું કે, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન વિશ્વના સૌથી મોટા અને અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા વિસ્તારોમાંનું એક છે, જે હાઈ-ટેક ઉત્પાદન માટે સજ્જ છે. આ ઉપરાંત ગિફ્ટ સિટી રોકાણકારો માટે અભૂતપૂર્વ નાણાકીય માળખું પૂરું પાડે છે, જે ગુજરાતને વૈશ્વિક સ્તરે ટેકનોલોજી અને ઉદ્યોગ માટે એક આદર્શ રાજ્ય બનાવે છે. આ પ્રસંગે સાયન્સ અને ટેકનોલોજી સચિવ શ્રી પી. ભારતીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે ભારત હવે માત્ર ટેકનોલોજીનું બજાર જ નહીં, પરંતુ એક મહત્વપૂર્ણ નિર્માતા બનવા તરફ આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત ભવિષ્યની રાહ જોતું નથી, પરંતુ તેનું નિર્માણ કરી રહ્યું છે. આ કોન્ફરન્સ માત્ર એક મેળાવડો નથી, પરંતુ સેમિકન્ડક્ટર ક્ષેત્રે વૈશ્વિક સ્તરે અગ્રેસર થવાની ગુજરાતની મક્કમ પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ કોન્ફરન્સમાં રાજ્યમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને વધુ મજબૂત કરવા વૈશ્વિક સ્તરના દિગ્ગજો સહભાગી થયા હતા. થીમેટિક પેનલ્સ મેન્યુફેક્ચરિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ફાઈનાન્સ, R&D અને ફ્યુચર સ્કિલ્સ પર કોન્ફરન્સમાં ખાસ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત જાપાન અને તાઈવાન જેવા દેશો સાથે આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવા માટે 'કન્ટ્રી રાઉન્ડ ટેબલ'નું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મમતા વર્મા, ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ, ધોલેરા SIR ના સીઈઓ શ્રી કુલદીપ આર્ય, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશનના મિશન ડાયરેક્ટર શ્રી નેહા કુમારી સહિત આઈટી અને ઈલેક્ટ્રોનિક્સ વિવિધ ઉદ્યોગો સાથે જોડાયેલા સીઈઓ, એમડી, રિસર્ચર, ઈનોવેટર્સ, ડેલિગેટ્સ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-:વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી:-

- ૨૦મી સદીનું રેગ્યુલેટર ઓઇલ હતું, ૨૧મી સદીનું રેગ્યુલેટર માઇક્રોચિપ બનશે
- ઇન્ડિયા ઇઝ રેડી, ઇન્ડિયા ઇઝ રિલાયેબલ એન્ડ ઇન્ડિયા ડિલિવર્સ
- આ દશક ભારતના ટેક-ફ્યુચરનો સૌથી મોટો ટર્નિંગ પોઇન્ટ સાબિત થશે
- સોફ્ટવેર માટે જાણીતું ભારત, હવે હાર્ડવેરના ક્ષેત્રમાં પણ પોતાની ઓળખ સશક્ત કરી રહ્યું છે
- સાણંદ આજે ગ્લોબલ મેપ પર સેમિકન્ડક્ટર હબ તરીકે ઊભરી રહ્યું છે

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સાણંદમાં માઇક્રોન સેમિકન્ડક્ટર ફેસિલિટીનો શુભારંભ કરાવ્યો

સાણંદ બનશે દેશમાં સેમિકન્ડક્ટર ઇન્ડસ્ટ્રીનું પ્રવેશદ્વારઃ ૨૨,૫૧૬ કરોડના રોકાણ સાથે AI ટેક્નોલોજીના ભવિષ્યને મળશે નવી તાકાત

-:મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ:-

- ગુજરાત એઆઇ (AI) અને સેમિકન્ડક્ટર જેવા ઉભરતા સેક્ટરમાં પણ 'ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર' બનવા તરફ આગળ વધી રહ્યું છે
- ગુજરાત વર્ષ ૨૦૨૨માં સેમિકન્ડક્ટર પોલિસી જાહેર કરનાર દેશનું પ્રથમ રાજ્ય

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદના સાણંદ ખાતે માઈક્રોન સેમિકંડક્ટર ફેસિલિટીનો શુભારંભ કરાવતાં કહ્યું કે ૨૦મી સદીનુ રેગ્યુલેટર ઓઈલ હતું, જ્યારે ૨૧મી સદીનું રેગ્યુલેટર માઈક્રોચિપ બનશે. તેમણે કહ્યું કે આ એઆઈ રિવોલ્યુશનની સદી છે. સમગ્ર વિશ્વમાં ભારત આજે કેપેબલ, કોમ્પિટિટિવ અને કમિટેડ મિત્ર અને ભાગીદાર તરીકે ઊભરી રહ્યું છે. આશરે ૨૨,૫૧૬ કરોડના આ પ્રોજેક્ટ સાથે ગુજરાત હવે દેશના 'સેમિકન્ડક્ટર હબ' તરીકેની ઓળખને પ્રસ્થાપિત કરશે. વડાપ્રધાનશ્રીએ સાણંદથી સેમિકંડક્ટર ક્ષેત્રે થયેલા ભારતના ભાવિ ઉદયનો રોડમેપ દર્શાવતાં કહ્યું કે સોફ્ટવેર માટે જાણીતું ભારત હવે હાર્ડવેર ક્ષેત્રે પણ પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યું છે. તેમણે કહ્યું કે ભારત અત્યંત ઝડપથી વૈશ્વિક સેમિકંડક્ટર વેલ્યૂ ચેઈનનો હિસ્સો બની રહ્યું છે. આ પ્રસંગે શ્રી મોદીએ સમગ્ર વિશ્વને વિશ્વાસ અપાવતાં કહ્યું કે ઈન્ડિયા ઈઝ રેડી, ઈન્ડિયા ઈઝ રિલાયેબલ એન્ડ ઈન્ડિયા ડિલિવર્સ. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય માહિતી-પ્રસારણ અને આઈટી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાનશ્રીએ માઈક્રોનુ ટેક્નોલોજીના અત્યાધુનિક છર્ટ (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) પ્લાન્ટની કામગીરી અને અન્ય વિગતો દર્શાવતાં પ્રદર્શનને નિહાળ્યું હતું તથા પ્લાન્ટની મુલાકાત લઈને સેમિકન્ડક્ટર ચિપના એસેમ્બલી અને પેકેજિંગના વિવિધ ઓપરેશન્સ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. નેશનલ સેમિકન્ડક્ટર મિશન અંતર્ગત માઈક્રોન ફેસિલિટી દ્વારા આ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પૂર્વે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાણંદ જીઆઈડીસી ખાતે યોજેલા રોડ શો અંતર્ગત ઉપસ્થિત જનમેદનીનું અભિવાદન ઝીલ્યું હતું. કાર્યક્રમમાં માઈક્રોન ટેક્નોલોજી દ્વારા ડેલ ટેક્નોલોજીના પ્રથમ કોમર્શિયલ મેડ ઈન ઈન્ડિયા શિપમેન્ટને વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં હેન્ડઓવર કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે વિશ્વની સૌથી મોટી અને સફળ AI સમિટ બાદ આજે આપણે ટેક્નોલોજી લીડરશીપ ક્ષેત્રે ભારતની કટિબદ્ધતાના એક ઐતિહાસિક પડાવના સાક્ષી બન્યા છીએ. ૧૦-૧૧ વર્ષ પહેલાં સુધી ભારતમાં ડેટા અને ચિપની ચર્ચા માત્ર મર્યાદિત વર્તુળોમાં જ થતી હતી અને ટેક્નોલોજીના નામે આપણે માત્ર આઈટી સર્વિસીસ પૂરતા સીમિત હતા, પરંતુ આજે સોફ્ટવેર માટે જાણીતું ભારત હવે હાર્ડવેરના ક્ષેત્રમાં પણ પોતાની ઓળખ સશક્ત કરી રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ પ્રોજેક્ટની ગતિશીલતા પર ભાર મૂકતા નોંધ્યું કે, જૂન-૨૦૨૩માં આ સુવિધા માટે કરાર થયા, સપ્ટેમ્બરમાં ખાતમુહૂર્ત થયું અને આજે ફેબ્રુઆરી-૨૦૨૬માં કોમર્શિયલ પ્રોડક્શન પણ શરૂ થઈ ગયું છે. વિશ્વના વિકસિત દેશોમાં પણ આવી મંજૂરીઓ અને પ્રક્રિયાઓમાં વર્ષો નીકળી જતા હોય છે, પરંતુ ભારતે આ અશક્ય કામ માત્ર ૯૦૦ દિવસમાં પૂર્ણ કરીને બતાવ્યું છે. જ્યારે દાનત સાફ હોય અને નિષ્ઠા દેશના તેજ વિકાસ પ્રત્યે હોય, ત્યારે નીતિ સ્પષ્ટ બને છે અને નિર્ણયોમાં પણ ગતિ આપોઆપ આવી જતી હોય છે. વડાપ્રધાનશ્રીએ સેમિકન્ડક્ટરને ઈન્ડસ્ટ્રિયલ રિવોલ્યુશન અને AI રિવોલ્યુશનને જોડતો સૌથી મોટો સેતુ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે ભારત હવે આ વૈશ્વિક સેમિકન્ડક્ટર વેલ્યૂ ચેઈનનો ખૂબ જ મહત્વનો હિસ્સો બની રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, કોવિડના મુશ્કેલ સમયમાં વાવેલા બીજ આજે વટવૃક્ષ બનીને ફળ આપી રહ્યા છે અને અત્યાર સુધીમાં સેમિકોન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ ૧૦ મોટા પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. વડાપ્રધાનશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે અમારું લક્ષ્ય માત્ર એક ફેક્ટરી સ્થાપવા પૂરતું સીમિત નથી, પરંતુ સંપૂર્ણ ઈકોસિસ્ટમ બનાવવાનું છે. ભારત હવે સેમિકન્ડક્ટરની આખી વેલ્યૂ ચેઈન પર ફોકસ કરી રહ્યું છે, જેમાં ડિઝાઈન એન્જિનિયરથી લઈને મશીન નિર્માતા અને લોજિસ્ટિક્સ સુધીનાં તમામ સ્તરો સામેલ છે. 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન ૨.૦'ની જાહેરાત આ જ દિશામાં લેવાયેલું મોટું પગલું છે. જેમ-જેમ ઉત્પાદન વધશે તેમ ભારતની અંદર જ મટિરિયલ અને કોમ્પોનન્ટ્સની માંગ વધશે, જે સ્થાનિક ઉદ્યોગો માટે સૌથી મોટી તક બની રહેશે. ભારતના વધતા જતા માર્કેટ વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે, ઈલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઈલ ક્ષેત્રે ભારતની માંગ સતત વધી રહી છે, તેથી 'મેક ઈન ઈન્ડિયા' હવે ફુલ સ્વિંગમાં આગળ વધી રહ્યું છે. છેલ્લા ૧૧ વર્ષોમાં ઈલેક્ટ્રોનિક ઉત્પાદન અને તેની નિકાસમાં અનેકગણો વધારો થયો છે. ભારત હવે કોમ્પોનન્ટથી લઈને ફિનિશ્ડ પ્રોડક્ટ સુધી બધું જ દેશમાં બનાવવા માટે સજ્જ છે, જે વૈશ્વિક રોકાણકારો માટે ઘરેલું બજાર અને વૈશ્વિક તકો બંને પૂરી પાડે છે. સાણંદ સાથેના અંગત સંસ્મરણો વાગોળતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે સાણંદ તો એવી ધરતી છે જે માટીને પણ સોનું બનાવી દે છે. તેમણે યાદ કર્યું કે કેવી રીતે એક સમયે તેઓ અહીં સાયકલ પર ફરતા હતા અને એક રૂપિયાના એસએમએસ (SMS) થી અહીં રતન ટાટાના પ્લાન્ટ સાથે ઓટોમોબાઈલ ક્રાંતિની શરૂઆત થઈ હતી. આજે તે જ સાણંદ ગ્લોબલ મેપ પર સેમિકન્ડક્ટર હબ તરીકે ઊભરી રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ અહીં કામ કરવા આવતા દેશ-વિદેશના ટેકનિશિયનોને ખાતરી આપી હતી કે ગુજરાત સરકાર તેમને શ્રેષ્ઠ જીવનશૈલી અને સુવિધાઓ પૂરી પાડવામાં કોઈ કમી રાખશે નહીં. પર્યાવરણ અને ટેકનોલોજીના સમન્વય વિશે વાત કરતા તેમણે માઈક્રોનના પ્લાન્ટની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે અહીં બનાવવામાં આવેલો 'ક્લીન રૂમ સ્પેસ' વિશ્વના સૌથી મોટા સ્પેસમાંનો એક છે. સાથે જ પ્લાન્ટમાં પાણીના ઓછામાં ઓછા વપરાશ અને રિસાયક્લિંગ માટે જે વ્યવસ્થાઓ કરવામાં આવી છે તે પ્રગતિ અને પ્રકૃતિના તાલમેલનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેમણે ગુજરાત સરકારની પ્રો-એક્ટિવ નીતિઓની પણ સરાહના કરી હતી, જેના કારણે રોકાણકારોનો ભરોસો મજબૂત થયો છે. સંબોધનના અંતે વડાપ્રધાનશ્રીએ વિશ્વને મજબૂત સંદેશ આપતા કહ્યું કે જ્યારે ભાવિ પેઢીઓ આ દશકને પાછળ વળીને જોશે, ત્યારે તેઓ ગૌરવ સાથે કહેશે કે આ દશકમાં ભારતે કેટલી ઊંચી છલાંગ લગાવી હતી. આ દશક ભારતના ટેક-ફ્યુચરનો સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થશે. વડાપ્રધાનશ્રીએ ગ્લોબલ ઈન્વેસ્ટર્સને ખાતરી આપી હતી કે ભારત સરકાર અને રાજ્ય સરકારો તેમની સાથે ખભેખભો મિલાવીને ઊભી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સાણંદ ખાતે માઈક્રોન પ્લાન્ટના લોકાર્પણને સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ ક્ષેત્રે પાયાની ઈંટ ગણાવતા કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વમાં આજે ગુજરાત ગ્લોબલ મેપ પર ગ્રોથ એન્જિન તરીકે ચમક્યું છે. સાણંદ અને ધોલેરા સેમિકન્ડક્ટર ફેસિલિટી પ્લાન્ટના મુખ્ય કેન્દ્રો બનીને ઊભર્યા છે. વડાપ્રધાનશ્રીના અથાગ પરિશ્રમ અને રાજ્યની ઉદ્યમિતાને કારણે જ લાર્જ સ્કેલ અને જેટ સ્પીડથી ઈન્ડસ્ટ્રિયલ ટ્રાન્સફોર્મેશન શક્ય બન્યું છે. આ વિકાસ યાત્રા માત્ર નવા ઉદ્યોગોની શરૂઆત નથી, પરંતુ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિશ્વના દેશો માટે વિશ્વાસુ મિત્ર તરીકે 'નવા ભારત'ની ઓળખ પણ છે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પ્રોજેક્ટની અભૂતપૂર્વ ગતિ અને કાર્યક્ષમતાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે જૂન ૨૦૨૩માં વડાપ્રધાનશ્રીની વોશિંગ્ટન મુલાકાત દરમિયાન આ પ્રોજેક્ટની જાહેરાત થઈ હતી. ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન દ્વારા ૧૫ જૂન ૨૦૨૩ના રોજ આ પ્રોજેક્ટને મંજૂરી મળ્યાના માત્ર ૨૪ કલાકમાં જ ગુજરાત સરકારે આ દરખાસ્તને મંજૂરી આપી દીધી હતી. આવી ઝડપ માત્ર ગુજરાતમાં જ શક્ય છે, કારણ કે અમે વડાપ્રધાનશ્રીએ સ્થાપિત કરેલા બેન્ચમાર્ક અને 'આત્મનિર્ભર ભારત માટે આત્મનિર્ભર ગુજરાત'ના મંત્ર સાથે કામ કરીએ છીએ. તેમણે વધુમાં ઉમેર્યું કે સેમિકન્ડક્ટર ચિપ્સ આજે ડિજિટલ યુગની કરોડરજ્જુ છે. મોબાઈલ, ઓટોમોબાઈલ, ડિફેન્સ, સ્પેસ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા દરેક ક્ષેત્રમાં તેની જરૂરિયાત છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત સરકારે શરૂ કરેલા સેમિકન્ડક્ટર મિશન, "-યોજના અને 'મેક ઈન ઈન્ડિયા' જેવી પહેલો થકી ભારત વિશ્વમાં એક મોટા ખેલાડી તરીકે ઊભરી રહ્યું છે. ગુજરાત વર્ષ-૨૦૨૨માં સેમિકન્ડક્ટર પોલિસી જાહેર કરનાર દેશનું પ્રથમ રાજ્ય હતું એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે ટેક્સટાઈલ, ડાયમંડ અને ફાર્મા જેવા પરંપરાગત ક્ષેત્રોમાં અગ્રેસર રહ્યા બાદ હવે ગુજરાત એઆઈ (AI) અને સેમિકન્ડક્ટર જેવા ઉભરતા સેક્ટરમાં પણ 'ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર' બનવા જઈ રહ્યું છે. માઈક્રોનનો આ પ્લાન્ટ માત્ર ઔદ્યોગિક પરિયોજના નથી, પણ યુવાનોના સપનાઓનું ઈન્વેસ્ટમેન્ટ છે. 'મેક ઈન ઈન્ડિયા, મેડ ફોર ધ વર્લ્ડ'ના મંત્ર સાથે વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત કટિબદ્ધ છે. કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આ દિવસને ઐતિહાસિક ગણાવતા જણાવ્યું હતું કે ભારતે છેલ્લાં છ દાયકાથી સેમિકન્ડક્ટર ક્ષેત્રે જે સ્વપ્ન જોયું હતું, તે આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના મક્કમ નિર્ધારથી સાકાર થયું છે. માત્ર ૯૦૦ દિવસમાં ફાઉન્ડેશનથી પ્રોડક્શન સુધીની આ સફર 'મોદી હૈ તો મુમકિન હૈ' એ સૂત્રને ચરિતાર્થ કરે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે સેમિકન્ડક્ટર એ ફાઉન્ડેશનલ ઈન્ડસ્ટ્રી છે. મોબાઈલ, લેપટોપ કે સર્વર—દરેક ઉપકરણ માટે આ ચિપ્સ અનિવાર્ય છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ છેલ્લા એક દાયકામાં ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગમાં ૬ ગણો અને એક્સપોર્ટમાં ૮ ગણો વધારો થયો છે. હવે 'સેમિકન્ડક્ટર ૨.૦' દ્વારા આપણે માત્ર ચિપ ડિઝાઈન જ નહીં, પરંતુ તેનું મેન્યુફેક્ચરિંગ, મશીનરી, કેમિકલ્સ અને ગેસ સહિતનું સંપૂર્ણ ઈકોસિસ્ટમ ભારતમાં જ તૈયાર કરવા જઈ રહ્યા છીએ. આજે દેશની ૩૧૫થી વધુ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ ચિપ ડિઝાઈન કરી રહ્યા છે, જે વિકસિત ભારતના મજબૂત પાયાની નિશાની છે. ભારત ખાતેના યુએસ એમ્બેસેડર શ્રી સર્જીઓ ગોરે આ પ્રસંગને ભારત-અમેરિકાના મજબૂત સંબંધોનું પ્રતીક ગણાવતા કહ્યું હતું કે આ પ્લાન્ટ માત્ર એક ફેક્ટરી નથી, પરંતુ અમેરિકન ટેક્નોલોજી અને ભારતની ઉત્પાદન શ્રેષ્ઠતાના સમન્વયનું ભવિષ્ય છે. તેમણે આ પ્રસંગે અમેરિકી વહીવટીતંત્રના સહયોગનો ઉલ્લેખ કરી બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી પર ભાર મૂક્યો હતો. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈન માટે એક સુરક્ષિત અને વિશ્વાસપાત્ર વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારતની ભૂમિકા હવે અનિવાર્ય બની છે. ગુજરાત આજે સાણંદથી ધોલેરા સુધી સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ માટે જે વાતાવરણ પૂરું પાડી રહ્યું છે, તે અન્ય દેશો અને રોકાણકારો માટે એક સફળ મોડેલ છે. અમેરિકન કંપનીઓ ગુજરાતમાં રહેલી આ તકોને ખૂબ જ સકારાત્મક રીતે જોઈ રહી છે." માઈક્રોન ટેક્નોલોજીના સીઈઓ સંજય મેહરોત્રાએ આ દિવસને ઐતિહાસિક ગણાવતા ભાવુક સ્વરે જણાવ્યું હતું કે આ માત્ર એક ઉદ્ઘાટન નથી, પરંતુ ઈતિહાસની એક અમર ક્ષણ છે. દિલ્હીની સરદાર પટેલ વિદ્યાલયમાં અભ્યાસ દરમિયાન લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના દૃઢ સંકલ્પમાંથી મને જે પ્રેરણા મળી હતી, આજે આ સાણંદની ધરતી પર તે સંકલ્પ સાકાર થતો જોઈ રહ્યો છું. મને વિશ્વાસ હતો કે જે ક્યારેય બન્યું નથી તે આપણે બનાવી શકીએ છીએ અને આજે સાણંદમાં અમે એ કરી બતાવ્યું છે. તેમણે ભારતને સેમિકન્ડક્ટર મેપ પર અંકિત કરવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વની પ્રશંસા કરતા કહ્યું કે AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ના યુગમાં ડેટા જ હૃદય સમાન છે અને ડેટા માટે મેમરી અને સ્ટોરેજ અનિવાર્ય છે. માઈક્રોનનો આ પ્લાન્ટ વર્ષે કરોડોની સંખ્યામાં ચિપ્સનું ઉત્પાદન કરીને વૈશ્વિક જરૂરિયાતોને પૂરી કરશે. અમે અહીં માત્ર ઉત્પાદન નથી કરી રહ્યા, પરંતુ ૧૦૦% વોટર રી-યુઝ અને સસ્ટેનેબિલિટી સાથે પર્યાવરણનું પણ જતન કરી રહ્યા છીએ. ભારતની ક્ષમતા પર વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે ગુજરાતીમાં ગર્વ સાથે કહ્યું હતું કે, 'જ્યારે લોકો પૂછતા કે શું ભારતમાં વિશ્વસ્તરીય સેમિકન્ડક્ટર ફેસિલિટી બની શકે?' ત્યારે મારો જવાબ છે - 'હા, શક્ય છે!' ઉલ્લેખનીય છે કે માઈક્રોનના મેગા સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં SSD (સોલિડ સ્ટેટ ડ્રાઈવ), DRAM અને NAND જેવા આધુનિક સ્ટોરેજ અને મેમરી ઉપકરણોનું નિર્માણ કરવામાં આવશે. આ ઉત્પાદનો ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના યુગમાં અત્યંત મહત્ત્વના સાબિત થશે, કારણ કે મજબૂત મેમરી સપોર્ટ વિના AI પ્રણાલીઓ કાર્યક્ષમ રીતે કામ કરી શકતી નથી. માઈક્રોનનો આ પ્લાન્ટ વિશ્વના સૌથી મોટા અને અત્યંત સ્વચ્છ 'ક્લીનરૂમ' ધરાવતા એકમોમાં સ્થાન પામ્યો છે, જ્યાં ઓપરેશન થિયેટર કરતાં પણ વધુ શુદ્ધ વાતાવરણમાં ચિપનું પેકેજિંગ કરવામાં આવે છે. રોજગારીના ક્ષેત્રે પણ આ પ્લાન્ટ આશાનું નવું કિરણ લઈને આવ્યો છે. હાલમાં અહીં ૨૦૦૦ લોકોની ટીમ કાર્યરત છે, જે આગામી સમયમાં વધીને ૫૦૦૦થી વધુ પ્રત્યક્ષ રોજગારી સુધી પહોંચશે. વિશેષ નોંધનીય બાબત એ છે કે આ પ્લાન્ટમાં દિવ્યાંગ નાગરિકોને પણ ઓપરેટર અને ટેક્નિશિયન તરીકે રોજગારીની સમાન તકો પૂરી પાડવામાં આવી છે. માઈક્રોનના મેગા સેમિકન્ડક્ટર પ્લાન્ટના ઉદ્ઘાટન પ્રસંગે રાજ્યના સાયન્સ અને ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તથા રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, સાંસદ સભ્યશ્રીઓ તેમજ ધારાસભ્યશ્રીઓ, રાજ્યના મુખ્યસચિવ શ્રી એમ.કે. દાસ, વિજ્ઞાન અને ટેક્નોલોજી સચિવ શ્રી પી. ભારતી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના અજમેરમાં રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ અભિયાન અને ૧૭,૦૦૦ કરોડની વિકાસ પરિયોજનાઓનો પ્રારંભ કરાવ્યો

રાજસ્થાનમાં સૂર્યપ્રકાશની કોઈ કમી નથી, અને આ સૂર્યપ્રકાશ સામાન્ય માણસ માટે બચત અને આવકનો સ્ત્રોત બની રહ્યો છેઃ પ્રધાનમંત્રી

અમારી સરકાર સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છેઃ પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજના ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે, આ યોજના રાજસ્થાનનું ભાગ્ય બદલવાની શક્તિ ધરાવે છેઃ પ્રધાનમંત્રી

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અજમેરમાં એક જાહેર સભાને સંબોધિત કરી, જે રાજસ્થાનની વિકાસ યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. પ્રધાનમંત્રીએ પ્રદેશના સાંસ્કૃતિક અને પરાક્રમી વારસાને શ્રદ્ધાંજલિ આપી, જેમાં સુરસુરામાં તેજાજી ધામ અને હાઈફાને મુક્ત કરાવવામાં જેમની ભૂમિકા હજુ પણ ઈઝરાયલમાં આદરણીય છે તેવા મેજર દલપત સિંહની બહાદુરીનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીએ આનંદ વ્યક્ત કર્યો કે રાજસ્થાનમાં "ડબલ-એન્જિન સરકારે" ઝડપી પ્રગતિના બે વર્ષ પૂર્ણ કર્યા છે. "સરકાર લોકોની સેવા કરવા માટે જે વિકાસ વચનો સાથે આવી હતી તે પૂર્ણ કરી રહી છે. અને આજે આ વિકાસ અભિયાનને વધુ વેગ આપવાનો દિવસ છે." પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે આજના કાર્યક્રમમાં રસ્તા, વીજળી, પાણી, આરોગ્ય અને શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં આશરે ૧૭,૦૦૦ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યો હતો, જે રાજસ્થાનના લોકોની સુવિધામાં વધારો કરશે અને યુવાનો માટે રોજગારીની અસંખ્ય તકો ઉભી કરશે. શ્રી મોદીએ રાજ્યના યુવાનો માટે એક નવા યુગની શરૂઆત કરી, કારણ કે આજે ૨૧,૦૦૦થી વધુ નવા નિમણૂક પત્રો જારી કરવામાં આવ્યા. વધુમાં, પ્રધાનમંત્રીએ અજમેરથી રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો, તેને ભારતની 'નારી શક્તિ' (મહિલા શક્તિ) ને સશકત કરવા અને માતાઓ અને પુત્રીઓના સ્વાસ્થ્યને સુનિશ્ચિત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું. શ્રી મોદીએ કહ્યું, "આપણે બધા જાણીએ છીએ કે જ્યારે માતા બીમાર પડે છે, ત્યારે પરિવાર તૂટી પડે છે. જો માતા સ્વસ્થ હોય, તો પરિવાર દરેક મુશ્કેલીનો સામનો કરવા સક્ષમ હોય છે. આ ભાવના સાથે, સરકારે મહિલાઓને ટેકો આપવા માટે ઘણી યોજનાઓ શરૂ કરી છે." પ્રધાનમંત્રીએ મહિલાઓના સ્વાસ્થ્ય અને ગૌરવ પ્રત્યે સરકારના સંવેદનશીલ અભિગમ વિશે વિગતવાર વાત કરી, શૌચાલય, સેનિટરી પેડ્સ અને ઉજ્જવલા ગેસ યોજના માટે "મિશન મોડ" સોલ્યુશન્સના સફળ અમલીકરણની નોંધ લીધી. તેમણે સલામત માતૃત્વ યોજનાનો પણ ઉલ્લેખ કર્યો, જે ગર્ભાવસ્થા દરમિયાન પૌષ્ટિક ખોરાક સુનિશ્ચિત કરવા માટે મહિલાઓના ખાતામાં ૫,૦૦૦ જમા કરે છે, જેનાથી ઉપેક્ષાની સંસ્કૃતિમાંથી સંવેદનશીલતા તરફ આગળ વધે છે. માળખાગત સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે રોડ, રેલ અને હવાઈ માર્ગે આધુનિક જોડાણ રાજસ્થાનના ભાગ્યને બદલી રહ્યું છે. તેમણે પ્રકાશિત કર્યું કે કેવી રીતે સુધારેલી મુસાફરી અજમેર-પુષ્કર જેવા સ્થળોએ પ્રવાસનને સુવિધા આપે છે, જે સ્થાનિક વ્યવસાયો, કારીગરો અને ટેક્સી ડ્રાઈવરોને સીધી સહાય કરે છે.

શ્રી મોદીએ કહ્યું, "દિલ્હી-મુંબઈ ઔદ્યોગિક કોરિડોરની આસપાસ બનાવવામાં આવી રહેલ માળખાગત સુવિધા રાજસ્થાનને વૈશ્વિક રોકાણ માટે "તકોની ભૂમિ"માં પરિવર્તિત કરી રહી છે." ભારતના વધતા જતા વૈશ્વિક કદ વિશે બોલતા, શ્રી મોદીએ તાજેતરમાં દિલ્હીમાં યોજાયેલી વિશ્વની સૌથી મોટી છૈંસમિટ અને ઈઝરાયલની તેમની મુલાકાત વિશે વાત કરી, જ્યાં ભારતની પ્રગતિ અને બહાદુરીની પ્રશંસા કરવામાં આવી હતી. "વિશ્વના ઘણા દેશોના પ્રધાનમંત્રીઓ અને રાષ્ટ્રપતિઓએ હાજરી આપી; શ્રી મોદીએ કહ્યું, મોટી કંપનીઓના વડાઓ આવ્યા; બધાએ ભારતની દિલથી પ્રશંસા કરી હતી." છેલ્લા ૧૧ વર્ષમાં ભારતીય સેનાની સફળતા પર પ્રકાશ પાડતા શ્રી મોદીએ કહ્યું, "ભારતીય સેનાએ આતંકવાદીઓ અને દેશના દુશ્મનોને દરેક મોરચે કારમી ફટકો માર્યો છે. આપણી સેના દરેક મિશનમાં, દરેક મોરચે વિજયી રહી છે. સર્જિકલ સ્ટ્રાઈકથી લઈને ઓપરેશન સિંદૂર સુધી, તેમણે પોતાની કુશળતા સાબિત કરી છે." ખેડૂતોની લાંબા સમયથી ચાલી આવતી ફરિયાદોને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે વર્તમાન સરકાર ERCP પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે ભાર મૂક્યો કે નદીને જોડવાની પહેલ, જેમાં સુધારેલા પાર્વતી-કાલીસિંધ-ચંબલ અને યમુના-રાજસ્થાન લિંક પ્રોજેક્ટનો સમાવેશ થાય છે, તે ઝાલાવાડ, બારન, કોટા અને બુંદીના ખેડૂતોને નિશ્ચિત અને નોંધપાત્ર લાભ લાવશે. પ્રધાનમંત્રીએ સમૃદ્ધિ માટે સૂર્યનો ઉપયોગ કરવાની રાજસ્થાનની ક્ષમતા પર ભાર મૂક્યો. પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના હેઠળ, સરકાર છત પર સૌર પેનલ સ્થાપિત કરવા માટે ૭૮,૦૦૦ની સહાય પૂરી પાડે છે. રાજસ્થાનમાં ૧.૨૫ લાખથી વધુ પરિવારોને પહેલાથી જ જોડાણ આપવામાં આવ્યું છે, અને ઘણા ઘરોમાં વીજળી બિલ લગભગ શૂન્ય થઈ ગયા છે. પોતાના ભાષણના સમાપન કરતાં, શ્રી મોદીએ "વિકસિત રાજસ્થાનથી વિકસિત ભારત"ના મંત્રનો પુનરોચ્ચાર કર્યો, જે રાજ્યના દરેક પરિવાર માટે સમૃદ્ધ જીવનની કલ્પના કરે છે.

અજમેરમાં HPV રસીકરણ અભિયાન શરૂ થયું છે, જે દેશની મહિલા શક્તિને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છેઃ પ્રધાનમંત્રી

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028